ॐ

॥श्रीयजुर्वेदीय संध्यादि नित्यकर्म॥

योजनारः–ब्रह्मनिष्ठ महाराज श्रीनथुरामशर्मा ॥

દ્વિજોના હિતાર્થે પ્રકટ કરનાર,
ઉનેવાળ સેવકમંડળ.
લલ્લુભાઈ શંકરભાઈ ભટ્ટ મુંબઈ.

"अकृत्वा वैदिकं नित्यं प्रत्यवायी भवेन्नरः॥" श्रुति.

ભાવાર્થઃ–વેદપ્રતિપાદિત સંધ્યાવંદનાદિ નિત્યકર્મ નહિ કરીને દ્વિજ પાપરૂપ દોષને પામે છે.

"संध्या स्नानं जपो होमः, स्वाध्यायो देवतार्चनम्।
वैश्वदेवातिथेयश्च, षट्कर्माणि दिने दिने॥" श्रीपराशर॥

ભાવાર્થઃ–સ્નાન, સંધ્યાજપ, હોમ, સ્વાધ્યાય, દેવતાની પૂજા, તથા વૈશ્વદેવ અને અતિથિનો સત્કાર એ છ કર્મો પ્રત્યેક દ્વિજે પ્રતિદિવસ કરવાં.

ઓગણત્રીશમી આવૃત્તિ. પ્રતિ ૧૦૦૦. સમગ્ર પ્રતિ ૩૪૩૫૦

અમદાવાદ.
ધી ગુજરાત પ્રીન્ટિંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું.

શાકે ૧૮૩૪. સંવત્ ૧૯૬૯. ખ્રીસ્તાબ્દ ૧૯૧૩.

શ્રીયજુર્વેદીય સંધ્યાદિ નિત્યકર્મ

અનુક્રમણિકા.

ભૂમિકા.

બ્રહ્માંડમાંના પ્રાણાપાનના સંધિસમયે પોતાના શરીરમાંના પ્રાણતત્ત્વની શુદ્ધિ કરવા માટે સમષ્ટિના પ્રાણરૂપ સૂર્યમાં રહેલા અંતર્યામીની ઉપાસનારૂપે જે વૈદિકકર્મ દ્વિજોવડે કરવામાં આવે છે તે **સંધ્યા** કહેવાય છે. બ્રહ્માંડમાંના પ્રાણાપાનનો વિશેષ સમય રહેનારો સંધિ સવાર, બપોર, સાંજ અને અર્ધ રાત્રિએ થાય છે, ને શરીરમાંના પ્રાણાપાનના વિશેષ સમય રહેનારા સંધિનો સમય પણ બહુધા તેજ હોય છે. એ રીતે પિંડ અને બ્રહ્માંડમાં જ્યારે પ્રાણાપાનનું વહન શિથિલ પડી તે બંનેના સંધિરૂપ જે સુષુમ્ણા તેનું વહન વર્તમાન હોય ત્યારે દ્વિજોએ સંધ્યોપાસના કરવી એમ કૃપાલુ મહર્ષિઓએ નિર્માણ કર્યું છે. મધ્યરાત્રિએ સંધ્યાવંદન કરવાનું કાર્ય દ્વિજોને કષ્ટરૂપ જણાશે એમ વિચારી તે પરમકારુણિક મહર્ષિઓએ તે સમય માટે આગ્રહ જણાવ્યો નથી, પણ માત્ર ત્રિકાલ સંધ્યાવંદન કરવાનીજ આવશ્યકતા જણાવી છે.

મુદ્રા, ન્યાસ અને શાપવિમોચનાદિ તાંત્રિક ને ક્ષેપક વિષયો વૈદિકક્રિયામાં અગત્યના ન હોવાથી તે આ પુસ્તકમાં આપ્યા નથી, તેમજ પ્રત્યેક મંત્રના આરંભમાં ઋષિ, દેવતા, છંદ ને વિનિયોગ સંસ્કૃતમાં બોલી જવાની વિશેષ આવશ્યકતા ન હોવાથી તે સંસ્કૃતમાં આપ્યા નથી, માત્ર સ્મરણમાં રહેવા માટે ગુજરાતીમાં આપેલા છે. **"अहरहः संध्यामुपासीत"** (દ્વિજે નિત્ય નિત્ય સંધ્યાવંદન કરવું) એમ **શ્રીવેદ**ભગવાનની આજ્ઞા છે. સ્મૃતિઓમાં પણ પૂજ્ય મહર્ષિઓએ દ્વિજોને સંધ્યાવંદન કરવાની બહુ બહુ આવશ્યકતા બતાવી છે. વળી લાગલાગટ ત્રણ દિવસ સંધ્યાવંદન નહિ કરવાથી દ્વિજ (બ્રાહ્મણ,

ક્ષત્રિય ને વૈશ્ય) શૂદ્રભાવને પામે છે, એટલે કે તેનાં શરીર, ઇંદ્રિયો, પ્રાણ ને અંતઃકરણમાં બહુ તમોગુણ વ્યાપ્ત થાય છે, અને તેથી સદ્દસદ્દ વિચારનો નિર્ણય કરવામાં તે અશક્ત થતો જાય છે, માટે પોતાનો ઉત્કર્ષ ઇચ્છનાર દ્વિજે યથાકાલે યથાવિધિ સંધ્યોપાસન કરવામાં પ્રમાદ નહિ કરતાં સૂતક અને અસગવડતાના* સમયમાં પણ યથાવિધિ સંધ્યાવંદન કરવા પ્રયત્ન કરવો જોઇએ.

પ્રાતઃકાલમાં જ્યારે નક્ષત્રો સ્પષ્ટ દેખાતાં હોય ત્યારે પ્રાતઃસંધ્યાનો આરંભ કરે તો તે ઉત્તમ કાલ, નક્ષત્રો ન દેખાતાં હોય એવે સમયે આરંભ કરે તો તે મધ્યમ કાલ, અને સૂર્યોદય થયા પછી આરંભ કરે તો તે કનિષ્ઠ કાલ છે. સાયંકાલે સૂર્ય સ્પષ્ટ દેખાતાં છતાં સંધ્યાવંદનનો આરંભ કરે તો તે ઉત્તમ કાલ, સૂર્ય આથમી ગયા પછી આરંભ કરે તો તે મધ્યમ કાલ, ને નક્ષત્ર દેખાયા પછી આરંભ કરે તો તે કનિષ્ઠ કાલ જાણવો. દોઢ પ્રહર દિવસ ચઢ્યા પછીથી ઠેઠ સાયંકાલ સુધી માધ્યાહ્નસંધ્યાનો સમય ગણાય છે. પ્રાતઃસંધ્યાદિના જે ઉત્તમ મધ્યમ સમય કહ્યા તેમનું ઉલ્લંઘન થઇ જાય છે તો પ્રાયશ્ચિત્તનિમિત્ત એક અર્ધ્ય વધારે આપવો. અત્યંત અશક્તિને લીધે સંધ્યાનો લોપ થયો હોય તો પ્રત્યેક સંધ્યાદીઠ સો સો ગાયત્રીનો જપ કરવો. ત્રણ કરતાં અધિક દિવસ સંધ્યાનો લોપ થયો હોય તો ઉપવાસાદિ પ્રાયશ્ચિત્ત કરવું. શ્રાદ્ધમાં જમ્યા હોય તેણે દશ ગાયત્રીવડે મંત્રનું જલ પીધા પછી સાંજની સંધ્યા કરવી. સંધ્યા વિનાના અન્યકર્મો આ ગ્રંથમાં સંક્ષેપમાં આપ્યાં છે, માટે જેમને એ કર્મો વિસ્તારથી જાણવાની અભિરુચિ થાય તેમણે **શ્રીયજુર્વેદીય** આહ્નિકપ્રકાશ વાંચવું.

॥ इति शिवम् ॥

---

*અનુકૂલતા ન હોવાથી બધી સંધ્યા ન થઈ શકે એમ હોય તો અર્ધ્ય પ્રદાન અને દશ ગાયત્રીમંત્રનો જપ એ અવશ્ય કરવાં જોઇએ.

ॐ

॥ स्वज्ञातिरतो भव ॥

श्री

ઉનેવાળ સેવક મંડળ.

સ્થાપના:—સંવત ૧૯૬૮ના અધિક આષાઢ કૃષ્ણપક્ષ ચતુર્દશી ને શનિવાર.

હેતુઓ:—

(૧) પ્રત્યેક ઉનેવાળને ભાઈ ગણી તેના શુભમાં રાજી રહેવું.

(૨) વિદ્યાપ્રચાર દ્વારાએ સામાન્ય સુધારણાનું બળ જ્ઞાતિમાં સ્થળે સ્થળે ઉત્પન્ન કરવું.

(૩) પ્રતિ માસ પોતાની આવકમાંથી યથાશક્તિ ભાગ જ્ઞાતિ સેવાના ભંડોળમાં નાંખવો.

વ્યવસ્થાપક મંડળીના સભાસદો:—

રા. શંકરલાલ ગીગાભાઇ જોશી—રાજુલા.
રા. ગોવિંદજી માવજી પાઠક—મોઠા.
રા. અમૃતલાલ મણિશંકર વૈદ્ય—શુકલતીર્થ.
રા. પ્રહલાદજી દલસુખરામ ભટ્ટ—સુરત.
રા. રેવાશંકર લાધારામ જાની—દેલવાડા.
રા. છગનલાલ શિવશંકર ભટ્ટ—દેલવાડા.
રા. ભવાનીશંકર જગજીવન પંડ્યા—ગાંગડ.
રા. રવિશંકર પ્રભાશંકર પંડ્યા—સિદ્ધપુર.
રા. લલ્લુભાઇ શંકરભાઇ ભટ્ટ—ખંભાત.

ॐ

श्री कनकेश्वरी प्रसन्नास्तु । स्वज्ञातिरतो भव ॥

श्री

ઉનેવાળ અભ્યુદય.

એકંદરે જોતાં હિંદુસમાજના પ્રશ્નો સઘળી ન્યાતો માટે સરખા મહત્વના છે. તેમાં એ ફેરવાયલા સંજોગો પ્રમાણે ઉત્તમ ગણાતા બ્રાહ્મણોની વૃત્તિ બંધબેસતી થાય, કાળે કરી ભ્રષ્ટ થએલાં તેમનાં ગુણકર્મ શુદ્ધ થાય અને જે પૂજ્ય ભાવ બીજી વર્ણોના મનુષ્યો તેમના તરફ રાખે છે, તેની યોગ્યતા સચવાય, એવી પ્રવૃત્તિની આજ ભારત વર્ષમાં ઘણી જરૂર છે. આ સામાન્ય હિતની પ્રવૃત્તિ ઉદ્દભવે અને છૂટા પડી ગયેલા બ્રાહ્મણ બંધુઓને એકત્ર કરે તે માટે પ્રત્યેક ન્યાતે પ્રયાસ કરવો જોઇએ છે. આ ભાવનાએ આ "**ઉનેવાળ અભ્યુદય**" માસિક ઉત્પન્ન કર્યું છે; અને તેથી હિંદુસમાજના સામાન્ય પ્રશ્નો, બ્રાહ્મણ સમાજની ઉન્નતિના વિષયો અને સ્વજ્ઞાતિ સુધારણાના વિચારો, એ ત્રણમાં પ્રતિબદ્ધ થયેલી ઉપર્યુક્ત ભાવના તેમાં વહન કરે છે.

વાર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સાથે માત્ર **એક રૂપિઓ.**

માઘથી આરંભાતા નવિન વર્ષનો સચિત્ર અંક એક આનાના પોસ્ટેજ સ્ટેમ્પ મળેથી મોકલી આપવામાં આવશે.

ઉનેવાળ અભ્યુદય.
મુંબઇ નં. ૪

॥ श्रीसद्गुरुर्विजयतेतमाम् ॥

॥ श्रीयजुर्वेदीय संध्यादि नित्यकर्म ॥

પ્રાતઃકાલમાં ઊઠી પોતાના ઇષ્ટદેવનું ધ્યાન તથા પોતાના શ્રી-ગુરુએ ઉપદેશ કરેલા ઇષ્ટમંત્રનો યથાશક્તિ જપ કરી, પૃથ્વીની ક્ષમા માગી, શય્યામાંથી નીચે ઊતરી, ગુરુજનોને વંદન કરી, પશ્ચાત્ આંખો ધોઈ, કોગળા કરી, મલમૂત્રનો ત્યાગ કરવા જવું. પછી યથાવિધિ હાથ-પગાદિ ધોઇ, કોગળા કરી, યોગ્ય વૃક્ષનું બાર કિંવા દશ આંગળ લાંબુ, ને ટચલી આંગળીજેવું જાડું, સરલ ને છાલવાળું દાતણ એક સ્થલે બેસીને કરવું. પછી ઘેર સ્નાન કરવું હોય તો તે નીચે પ્રમાણે કરવું.

॥ उष्णोदकस्नानविधि ॥

ઘરે ઉષ્ણજલવડે[1] સ્નાન કરવું. ગૃહસ્થે બનતાસુધી ઘેર ટાઢા જલવડે સ્નાન કરવું નહિ. પાત્રમાં તીર્થભાવનાએ થોડું ટાઢું જલ રેડી તે ઉપર ઉષ્ણ જલ નાંખવું. પશ્ચાત્ પૂર્વાભિમુખે કિંવા ઉત્તરાભિમુખે બેસી આચમન લઈ સંકલ્પ કરવો. પછી ૐ **शं नो देवीरभिष्टय**

---

૧ મરણ, પુત્રાદિકનો જન્મકાલ, સંક્રાંતિ, શ્રાદ્ધદિવસ, પોતાનો જન્મ દિવસ અને સ્પર્શને અયોગ્ય એવી વસ્તુનો કિંવા પ્રાણીનો સ્પર્શ એ નિમિત્ત હોય તો ગૃહસ્થે ઉષ્ણજલે સ્નાન કરવું નહિ, પણ શીતલજલે કરવું.

आपो भवन्तु पीतये । शं योरभिस्रवंतु नः ॥ ॐ आपः पुनंतु०,[1] **ॐ द्रुपदादिव०,**[2] **ॐ आपो हि ष्ठा मयो०**[3] એ મંત્રોવડે **તે** જલ અભિમંત્રી, ગંગાદિ તીર્થોનું સ્મરણ કરી, સ્નાન કરવું. ઘરે સ્નાન કર્યા પછી આચમન, અઘમર્ષણ અને તર્પણ કરવાં નહિ. સ્નાન કર્યા પછી આચમન ને માર્જન કિંવા આચમન એ કરવાં. એ રીતે સ્નાન કરી, સૂકાયેલું પવિત્ર વસ્ત્ર પહેરી, સ્નાનસમયે પહેરેલું ભીનું વસ્ત્ર નીચે નહિ પડવા દેતાં ઉપરથી ઉતારવું. નીચોવેલું તે વસ્ત્ર કર્મકાલે ખભાઉપર ધરવું નહિ. જ્યારે પુરુષ અશુચિ હોય ત્યારે તેણે મૌનપૂર્વક સ્નાન કરી, પછી આચમન કરી, પુનઃ વિધિપૂર્વક સ્નાન કરવું.

॥ गौणस्नान ॥

ॐ आपो हि ष्ठा[3] ઇત્યાદિ મંત્રવડે અંગને પ્રોક્ષણ કરવું તે **મંત્રસ્નાન,** દશ ગાયત્રીમંત્રથી જલ મંત્રી તે જલથી અંગને પ્રોક્ષણ કરવું તે ગાયત્ર્યસ્નાન, ભસ્મથી સ્નાન કરવું (શરીરના ભાગોને થોડી થોડી ભસ્મ લગાડવી) તે **આગ્નેયસ્નાન,** વસ્ત્ર પલાળી તેવડે શરીરને લુંછવું તે **કાપિલસ્નાન,** મૃતિકાથી સ્નાન કરવું તે **પાર્થિવસ્નાન,** ને આત્મચિંતન કરવું તે **માનસસ્નાન** ગણાય છે. એમાંનું જે ગૌણસ્નાન કરવું હોય તેનો **સંકલ્પ** કરીને તે ગૌણસ્નાન કરવું. પ્રત્યેક સ્નાનને અંતે ધોયેલું વસ્ત્ર પહેરી ધોયેલું ઉપવસ્ત્ર ધારણ કરવું. ગૌણસ્નાન કરવાથી જપ તથા સંધ્યા ઇત્યાદિ કરી શકાય છે, પરંતુ તેવા સ્નાનથી શ્રાદ્ધકર્મ તથા દેવપૂજા ઇત્યાદિ કરી શકાતાં નથી. આ સ્નાનો શ-

---

૧ આ મંત્ર માધ્યાહ્નસંધ્યામાં પૂરો આપેલો છે, પૃ૦ ૨૪ મું જુઓ.

૨ આ મંત્ર પ્રાતઃસંધ્યામાં પૂરો આપેલો છે, પૃ૦ ૧૭ મું જુઓ.

૩ પ્રાતઃસંધ્યામાં પૃ. ૧૫ મું જુઓ.

રીર સ્વસ્થ ન હોય તે પ્રસંગમાંજ કરવાનાં છે, શરીર સ્વસ્થ હોય છતાં ગૌણસ્નાન કરી સંધ્યાદિ નિત્યકર્મ કરવું એ યોગ્ય નથી.

॥ भस्मनां त्रिपुंड्रनो विधि ॥

સ્નાન કરી રહ્યા પછી તેના અંતમાં અને સંધ્યા, જપ, હોમ, વૈશ્વદેવ, દેવપૂજન, યજ્ઞ, શ્રાદ્ધ, દાન તથા સ્વાધ્યાયના આરંભમાં અવશ્ય ભસ્મનાં ત્રિપુંડ્ર કરવાં જોઇએ, વા હોવાં જોઇએ. ડાબા હાથમાં થોડી ભસ્મ લઈ, તે પર જમણો હાથ રાખી સંપુટ કરી, **ॐ अग्निरिति भस्म, वायुरिति भस्म, जलमिति भस्म, स्थलमिति भस्म, व्योमेति भस्म, सर्वं ह वा इदं भस्म, मन एतानि चक्षूंषि भस्मानि ॥** એ મંત્રવડે તે ભસ્મને મંત્રી, તેમાં **ॐ आपो ज्योती रसोऽमृतं ब्रह्म भूर्भुवः स्वरोम् ॥** એ મંત્રવડે થોડું જલ નાંખી પછી બંને હાથની વચલી ત્રણ આંગળીઓવડે તે ભસ્મને **ॐ त्र्यंबकं यजामहे सुगंधिं पुष्टिवर्धनम् । उर्वारुकमिव बंधनान्मृत्योर्मुक्षीय माऽमृतात् ॥** એ મંત્ર બોલી મસળવી, પછી તે **શ્રીસૂર્યને** પ્રદર્શિત કરી તે ભસ્મવડે લલાટ, કંઠ, હૃદય, ખભા, બાહુઓના સંધિઓ, પડખાં, નાભિ, પાંસળાં અને શિર એ સ્થાનકે **ॐ नमः शिवाय ॥** એ મંત્રથી ત્રિપુંડ્ર (ત્રણ આડી રેખાઓ) કરવાં.

॥ अथ संध्याप्रयोगः ॥

॥ अथ प्रातःसंध्या ॥

બહાર જલાશયમાં ટાઢે પાણીએ કે ઘેર ઉષ્ણ પાણીએ વિધિ-

પૂર્વક સ્નાન કરી રહ્યા પછી પવિત્ર વસ્ત્ર પહેરી, ડાબા ખભાપર બીજું પવિત્ર ઉપવસ્ત્ર રાખી, પવિત્ર સ્થલે પવિત્ર આસનપર[1] પૂર્વાભિમુખે સ્વસ્તિકાદિ આસનથી બેસવું. આગળ બે તરભાણી, પવિત્ર જલથી[2] ભરેલું પંચપાત્ર, આચમની, અર્ઘાઉં તથા અર્ઘ્યપ્રદાન કરવાના જલનું પાત્ર[3] એ રાખવાં. પછી સ્વસ્થ થઇ ભસ્મ (વિભૂતિ) નાં શરીરના લલાટાદિ ભાગપર વિધિપૂર્વક ત્રિપુંડ્ર કરવાં. પછી હાથ ધોઇ જમણા હાથની હથેળીમાં એક માષાભાર સોનાની ગોળી ડુબે એટલું જલ લઇ, તે હાથનો અંગૂઠો તથા ટચલી આંગળીને પૃથક્ રાખી, તે હાથને ડાબા હાથની તર્જની આંગળી અડાડી રાખી, આચમન[4] કરી, તે હથેળીને ધોઇ નાંખવી. આચમન લઇ રહ્યા પછી પ્રત્યેક સમયે તે હથેળી ધોવાની છે એ સ્મરણમાં રાખવું. પછી નીચે લખેલો ગાયત્રી મંત્ર બોલી શિખા બાંધવી:—

---

૧ દર્ભનું મૃગચર્મનું વ્યાઘ્રચર્મનું, કે ઊનનું બનાવેલું આસન સંધ્યાવંદનના કામમાં લેવું. કેવલ ઉઘાડી ભૂમિપર, કે લાકડાના આસનપર, કે સૂતાઉ વસ્ત્રપર બેસી સંધ્યાવંદન કરવું નહિ.

૨ એ પાણી રીણવાળું, પરપોટાવાળું, ઊનું, ખારું કિંવા ડોળું ન જોઇએ. ડોળું જલ હોય તો તેને નિર્મળ કરી ઉપયોગમાં લેવું. ઊનું જલ શુદ્ધ હોય ને તે વિના બીજું ટાઢું જલ અપ્રાપ્ય હોય તો તેને ટાઢું પાડી કામમાં લેવું. જે દેશનું પાણી ભૂમિના દોષને લીધે ખારાશવાળું હોય તે દેશમાં તેવા જલને દશ ગાયત્રીમંત્રથી અભિમંત્રી ઉપયોગમાં લેવું.

૩ એ પાત્રો તાંબાનાં, રૂપાનાં કિંવા સોનાનાં હોવાં જોઈએ.

૪ આચમન કરતી વેળા હસવું કે બોલવું નહિ, તેમજ આડુંઅવળું જોવું નહિ, પગમાં કાંઈ ન પહેરવું, ગળામાં વસ્ત્ર ન વીંટાળવું, તેમજ માથે પણ વસ્ત્રાદિ કાંઇ ન બાંધવું, આચમન જમણા હાથના અંગૂઠાના મૂલઆગળથી કરવું.

ॐ । भूर्भुवः स्वः ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि । धियो यो नः प्रचोदयात् ॐ ॥[૫]

---

૫. ગાય + ત્રી=ગાયત્રી. ગાનારને (યથાવિધિ જપ કરનારને) પાપથી તારે છે, માટે તે મંત્ર ગાયત્રી કહેવાય છે.

ૐ એ શબ્દ શ્રી ઇશ્વરનો વાચક છે. પ્રત્યેક વૈદિકમંત્રના આરંભમાં તેનો ઉચ્ચાર કરવાની આવશ્યક્તા છે. **भूः भुवः स्वः** એ ત્રણ વ્યાહૃતિઓ છે. વેદમાંથી સાર રૂપે ખેંચી કાઢેલ તે વ્યાહૃતિ કહેવાય છે. એ ત્રણ વ્યાહૃતિઓ અહિં સૂર્યના તેજ (ભર્ગ) ના વિશેષણરૂપે વપરાયેલી છે. સૂર્યનું એ તેજ પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગમાં વ્યાપેલું છે, એ તેનો ભાવાર્થ છે. આઠ આઠ અક્ષરનું એક ચરણ એવાં ત્રણ ચરણ મળીને ગાયત્રી થાય છે, માટે તેને ત્રિપદા પણ કહે છે. પહેલા ચરણમાં **ण्यं** છે તેનું **णियं** ગણવાથી **तत्स** થી **दयात्** સુધીના ૨૪ અક્ષરો થાય છે, તે આ પ્રમાણેઃ—

१	२	३	४	५	६	७	८	९	१०	११	१२	१३	१४	१५
त	त्स	वि	तु	र्व	रे	णि	यं,	भ	र्गो	दे	व	स्य	धी	म

१६	१७	१८	१९	२०	२१	२२	२३	२४
हि,	धि	यो	यो	नः	प्र	चो	द	यात् ॥

પદચ્છેદઃ—**तत्**(૩) **सवितुः**(૧) **वरेण्यम्**(૪) **भर्गः**(૫) **देवस्य**(૨) **धीमहि**(૬) **धियः**(૯) **यः**(૭) **नः**(૮) **प्रचोदयात्**(૧૦) ॥

શબ્દાર્થઃ—(સઘળા પદાર્થોને) ઉત્પન્ન(૧) કરનાર પ્રકાશવાન(૨) (એવા જે શ્રી સૂર્ય) તેના(૩) ઉત્તમ(૪) તેજનું(૫) (અમે) ધ્યાન કરીએ છીએ(૬), જે (તેજ)(૭) અમારી(૮) બુદ્ધિને(૯) (ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં) પ્રેરે છે(૧૦), અર્થાત્ જે અમારી બુદ્ધિને એ ચારે પુરૂષાર્થોમાં યથાયોગ્ય વિજય મેળવી શકાય એવું સામર્થ્ય આપે છે.

તત્ત્વંપદના અભેદરૂપે પણ શ્રી શાંકરભાષ્યમાં આ મંત્રનો અર્થ કરેલો છે, શ્રી સુબોધકલ્પલતા જુઓ.

પછી ॐ **भूः पुनातु** એ મંત્ર બોલી પહેલું, ॐ **भुवः पुनातु** એ મંત્ર બોલી બીજું, અને ॐ **स्वः पुनातुः** એ મંત્ર બોલી ત્રીજું, એમ ત્રણ **આચમન** લેવાં.[1]

ત્યારપછી નીચે લખવામાં આવે છે તે મંત્ર બોલી માથાપર **માર્જન** કરવું–જમણા હાથનાં આંગળાઓદ્વારા કે દર્ભદ્વારા માથા ઉપર થોડું જલ છાંટવું:—

ॐ। अपवित्रः पवित्रो वा, सर्वावस्थां गतोऽपि वा।

यः स्मरेत्पुंडरीकाक्षं स बाह्याभ्यंतरः शुचिः ॥ १ ॥

એના ઋષિ **વામદેવ**, દેવતા **વિષ્ણુ** ને છંદ **અનુષ્ટુપ્** છે. કોઈ ગ્રંથોમાં અનુષ્ટુપ્‌ને સ્થલે સુતલં એવા નામનો છંદ પણ કહ્યો છે. બાહ્યભ્યંતરની પવિત્રતા કરવામાં તેનો ઉપયોગ છે.[2]

---

૧. પૃથ્વીની સાથે સંબંધ રાખનારો પ્રાણ (સ્થુલશરીર) શુદ્ધ થાઓ; અંતરિક્ષની સાથે સંબંધ રાખનારો પ્રાણ (સૂક્ષ્મશરીર) શુદ્ધ થાઓ, અને સ્વર્ગની સાથે સંબંધ રાખનારો પ્રાણ (કારણશરીર) શુદ્ધ થાઓ, એવો એ ત્રણ મંત્રોનો ભાવાર્થ છે. અહિં એ રીતે ત્રણ આચમન લેવા. અન્ય સ્થલે જ્યાં જેટલાં આચમન કહ્યાં છે. ત્યાં તેટલાં લેવાં.

૨. **પદચ્છેદ**:—अपवित्रः[१] पवित्रः[३] वा[२] सर्वावस्थाम्[५] गतः[६] अपि[७] वा[४] यः[८] स्मरेत्[१०] पुंडरीकाक्षम्[९] सः[११] बाह्याभ्यंतरः[१२] शुचिः[१३]

શબ્દાર્થ:—અપવિત્ર[૧] અથવા[૨] પવિત્ર[૩] અથવા[૪] ગમે તે[૫] (અજ્ઞાત અશુદ્ધિ-વાળી) અવસ્થામાં[૬] રહ્યો હોય[૬] તોપણ[૭] જે[૮] (માણસ) ભગવાનનું[૯] સ્મરણ કરે[૧૦] તે[૧૧] (માણસ) બહાર અને અંતર[૧૨] પવિત્ર[૧૩] (થાય છે,) તાત્પર્ય કે તેના સ્થૂલ કિંવા સૂક્ષ્મ શરીરમાં કાંઈ અશુદ્ધિ રહી હોય તો તે દૂર થાય છે.

માર્જન થઇ રહ્યા પછી નીચે લખેલો મંત્ર બોલી આસનને માર્જન કરવું:—

ॐ। पृथ्वि त्वया धृता लोका, देवि त्वं विष्णुना धृता।
त्वं च धारय मां देवि, पवित्रं कुरु चासनम् ॥ १ ॥

એના મેરુપૃષ્ઠ ઋષિ, કૂર્મ દેવતા ને અનુષ્ટુપ્ છંદ છે. આસનશુદ્ધિ એટલે આસનની પવિત્રતા કરવામાં તેનો ઉપયોગ છે.[1]

ત્યારપછી બે આચમન લઈ ત્રણ પ્રાણાયામ કરવા. પ્રાણાયામનો સામાન્ય વિધિ આ પ્રમાણે છે:—

આંખો બંધ રાખી, મૌન ધારણ કરી, ડાબા નસકોરાદ્વારા થોડો રેચક કરી, પછી જમણા હાથની અનામિકા તથા ટચલી આંગળીથી નાકનું ડાબું છિદ્ર દબાવી, જમણા છિદ્રદ્વારા બહારના અમૃતમય વાયુનું યથાશક્તિ આકર્ષણ કરવું. એ સમયે ગુદાને સંકોચવી. પછી અંગૂઠાવડે જમણું છિદ્ર પણ રોકી દેવું, અને ડોકને નીચી નમાવી, નીચેના મંત્રનું મનમાં ત્રણ વાર સ્મરણ કરતા સુધી તે પૂરેલા પવનને રોકી રાખવો. પછી ડોકને પૂર્વવત્ ઉંચી કરી નાભિને યથાશક્તિ બરડાભણી ખેંચી ડાબા છિદ્ર ઉપરથી અનામિકા તથા ટચલી આંગળી ઉપાડી લઈ, તેવાટે અંતરના પવનને ધીરે ધીરે બહાર કાઢવો.

---

૧ ૨ ૪ ૩ ૫ ૬ ૭
૧. પદચ્છેદ:—**पृथ्वि त्वया धृताः लोकाः देवि त्वं विष्णुना**
૮ ૧૧ ૯ ૧૩ ૧૨ ૧૦ ૧૬ ૧૭ ૧૪ ૧૫
धृता त्वं च धारय माम् देवि पवित्र कुरु च आसनम्.

૧ ૨ ૩ ૪
શબ્દાર્થ:—હે પૃથ્વિ ! તેં લોકોને (સ્થાવરજંગમ પદાર્થોને) ધારણ
૫ ૬ ૭ ૮ ૯ ૧૦
કરેલ છે. હે દેવિ ! તું વિષ્ણુવડે (સૂર્યવડે) ધારણ કરાયલી છે, અને હે દેવિ !
૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭
તું મને ધારણ કર, તથા આસનને પવિત્ર કર.

આ એક પ્રાણાયામ થયો. આવા ત્રણ પ્રાણાયામ કરવાના છે.

***ॐ भूः ॐ भुवः ॐ स्वः ॐ महः ॐ जनः ॐ तपः ॐ सत्यं ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात् ॥ ॐ आपो ज्योती रसोऽमृतं ब्रह्म भूर्भुव स्वरोम् ॥**

પછી નીચે બતાવેલી રીતે સંધ્યોપાસનાનો સંકલ્પ કરવો:—

अत्राद्य महामांगल्यप्रदे अमुकमासे[1] अमुकपक्षे[2] अमुक-

---

* ૐકાર એટલે પ્રણવના પરબ્રહ્મ ઋષિ, પરમાત્મા દેવતા ને દૈવી-ગાયત્રી છંદ છે. વિશ્વામિત્ર. જમદગ્નિ, ભરદ્વાજ, ગૌતમ, અત્રિ, વસિષ્ઠ ને કશ્યપ એ સાત વ્યાહૃતિના ઋષિઓ છે; અગ્નિ, વાયુ, આદિત્ય, બૃહસ્પતિ, વરુણ. ઇંદ્ર ને વિશ્વેદેવા એ સાત, સાત વ્યાહૃતિના દેવો છે; ને ગાયત્રી, ઉષ્ણિક્, અનુષ્ટુપ્, બૃહતી, પંક્તિ, ત્રિષ્ટુપ્ ને જગતી એ સાત, સાત વ્યાહૃતિના છંદો છે. ગાયત્રીમંત્રના વિશ્વામિત્ર ઋષિ, સવિતા દેવતા ને ગાયત્રી છંદ છે ગાયત્રીના શિરના પ્રજાપતિ ઋષિ; બ્રહ્મા, અગ્નિ, વાયુ ને આદિત્ય દેવતા; ને યજુષ્ છંદ છે. એ બધા મંત્રનો પ્રાણાયામમાં ઉપયોગ છે.

ગાયત્રીની આગળ જે સાત વ્યાહૃતિ છે તે સૂર્યના તેજના વિશેષણરૂપે છે. સૂર્યનું ઉપાસના કરવાયોગ્ય જે તેજ (ભર્ગ) તે કહેલા સાતે લોકમાં સાત કિરણોએ કરીને વ્યાપી રહેલું છે, એ તેનો ભાવાર્થ છે.

ગાયત્રીનો શિરોભાગ પણ સૂર્યના તેજના વિશેષણરૂપે છે. તેનો અર્થ આ પ્રમાણે છે:—(વળી એ તેજ) જલરૂપ, જ્યોતીરૂપ, રસરૂપ, અમૃતરૂપ, ઉપજાવનાર, રક્ષણ કરનાર, લય કરનાર તથા ૐકારરૂપ છે.

૧. અહિં જે માસ હોય તે કહેવો:—જેમ **कार्तिकमासे, मार्गशीर्षमासे, पौषमासे, माघमासे, फाल्गुनमासे, चैत्रमासे, वैशाखमासे, ज्येष्ठमासे, आषाढमासे, श्रावणमासे, भाद्रपदमासे, आश्विनमासे, अधिकमासे ॥**

૨. અહિં બેમાંનું જે પખવાડીઉં હોય તે કહેવું:—જેમ **शुक्लपक्षे, कृष्णपक्षे.**

तिथौ[१] अमुकवासरे[२] यथावर्तमाननक्षत्रयोगकरणलग्नमुहूर्त-समवाये एवंग्रहगणविशिष्टायां शुभपुण्यतिथौ ममोपात्तदुरित-क्षयार्थं प्रातःसंध्योपासनमहं करिष्ये ॥*

પછી બંને હાથ જોડી રાખી નીચેના મંત્રોદ્વારા ગાયત્રીનું આ-વાહન કરવું:—

---

૧. અહિં જે તિથિ હોય તે કહેવી:—જેમ **प्रतिपत्तिथौ, द्वितीयायां तिथौ, तृतीयायां तिथौ, चतुर्थ्यां तिथौ, पंचम्यां तिथौ, षष्ठ्यां तिथौ, सप्तम्यां तिथौ, अष्टम्यां तिथौ, नवम्यां तिथौ, दशम्यां तिथौ, एकादश्यां तिथौ, द्वादश्यां तिथौ, त्रयोदश्यां तिथौ, चतुर्दश्यां तिथौ, पौर्णमास्यां तिथौ, अमावास्यां तिथौ.**

૨. અહિં જે વાર હોય તે બોલવો:—જેમ **रविवासरे, सोमवासरे, भोमवासरे, बुधवासरे, गुरुवासरे, भृगुवासरे, शनिवासरे.**

* પદચ્છેદ:—**अत्र[१] अद्य[२] महामांगल्यप्रदे[३] अमुकमासे[४] अमुकपक्षे[५] अमुकतिथौ[६] अमुकवासरे[७] यथावर्तमाननक्षत्रयोग-करणलग्नमुहूर्तसमवाये[८] एवंग्रहगणविशिष्टायां[९] शुभपुण्यातिथौ[१०] मम[११] उपात्तदुरितक्षयार्थं[१२] प्रातःसंध्योपासनं[१३] अहं[१४] करिष्ये[१५].**

શબ્દાર્થ:—અહિં[૧] આજ[૨] અત્યંત મંગલને આપનાર[૩] અમુક માસમાં[૪] અમુક પક્ષમાં[૫] અમુક તિથિમાં[૬] અમુક વારમાં[૭] નક્ષત્ર યોગકરણ લગ્ન મુહુર્ત[૮] જે આજે હોય તે સર્વમાં એ પ્રમાણે[૯] ગ્રહના સમૂહથી યુક્ત શુભ પવિત્ર[૧૦] તિથિમાં મારાથી[૧૧] થયેલા[૧૨] પાપના નાશ માટે પ્રાત:કાલની સંધ્યાનું ઉપાસન[૧૩] હું[૧૪] કરીશ[૧૫].

ॐ । गायत्रीं त्र्यक्षरां बालां, साक्षसूत्रकमंडलुम् ।
रक्तवस्त्रां चतुर्वक्त्रां, हंसवाहनसंस्थिताम् ॥ १ ॥
ब्रह्माणीं ब्रह्मदैवत्यां, ब्रह्मलोकनिवासिनीम् ।
आवाहयाम्यहं देवीमायातीं सूर्यमंडलात् ॥ २ ॥
आगच्छ वरदे देवि, त्र्यक्षरे ब्रह्मवादिनि ।
गायत्रि छंदसां मातर्, ब्रह्मयोनि नमोऽस्तु ते ॥३॥[1]

એ પ્રમાણે આવાહન કર્યા પછી નીચેના મંત્રો બોલી મસ્તકપર માર્જન કરવું:—

---

૧. પદચ્છેદ:—गायत्रीं[૧] त्र्यक्षरां[૨] बालां[૩] साक्षसूत्रकमंडलुं[૪] रक्तवस्त्रां[૫] चतुर्वक्त्रां[૬] हंसवाहनसंस्थितां[૭] ब्रह्माणीं[૮] ब्रह्मदैवत्यां[૯] ब्रह्मलोकनिवासिनीं[૧૦] आवाहयामि[૧૫] अहं[૧૪] देवीं[૧૩] आयातीं[૧૨] सूर्यमंडलात्[૧૧] आगच्छ[૨૦] वरदे[૧૬] देवि[૧૭] त्र्यक्षरे[૧૮] ब्रह्मवादिनि[૧૯] गायत्रि[૨૧] छंदसां[૨૨] मातर्[૨૩], ब्रह्मयोनि[૨૪] नम[૨૬] अस्तु[૨૭] ते[૨૫] ॥

શબ્દાર્થ:—ગાયત્રી[૧] ત્ર્યક્ષરાં[૨] બાલા[૩] રુદ્રાક્ષ[૪] જનોઇ ને કમંડલુવાળી રાતા[૫] વસ્ત્રાવળી ચાર[૬] મુખવાળી હંસરૂપ[૭] વાહનપર સારી રીતે બેઠેલી, બ્રહ્માણી[૮] બ્રહ્માની[૯] શક્તિ. બ્રહ્મલોકમાં[૧૦] રહેનારી, [ને] સૂર્યમંડલમાંથી[૧૧] આવનારી[૧૨] દેવીનું[૧૩] હું[૧૪] આવાહન[૧૫] કરૂં છું હે વર[૧૬] દેનારી દેવિ[૧૭] ! હે ત્ર્યક્ષરે[૧૮] ! હે બ્રહ્મવાદિનિ[૧૯] ! આવો[૨૦] હે ગાયત્રિ[૨૧] ! હે વેદની[૨૨] માતા[૨૩] ! હે બ્રહ્મયોની[૨૪] ! તમને[૨૫] નમસ્કાર[૨૬] હો[૨૭].

**ॐ आपो हि ष्ठा मयोभुवस्ता न ऊर्ज्जे दधातन । महे-
रणाय चक्षसे ॥ १ ॥ ॐ यो वः शिवतमो रसस्तस्य भाजयते-
ह नः । उशतीरिव मातरः ॥ २ ॥ ॐ तस्मा अरङ्गमाम
वो यस्य क्षयाय जिन्वथ । आपो जनयथा च नः ॥ ३ ॥**[२]

---

૧. **પદચ્છેદ:—आपः हि ष्ठा मयोभुवः ताः नः ऊर्जे दधातन महे रणाय चक्षसे ॥ १ ॥**

શબ્દાર્થ:—હે પાણી! [સર્વ પ્રાણીઓને] સુખ આપનાર થાઓ તે [પાણી] અમને અન્નમાટે સ્થાપો (અમે સઘળી જાતનાં અન્ન ખાનારા થઈએ તેમ કરો.) [અને] બ્રહ્મના દર્શનમાટે [તથા] વ્યાખ્યાનમાટે (અમને સ્થાપો) ૧.

પદચ્છેદ:—यः वः शिवतमः रसः तस्य भाजयत इह नः उशतीः इव मातरः ॥ २ ॥

શબ્દાર્થ:—(હે પાણી!) જે તમારો અત્યંત કલ્યાણકારી રસ છે તે (રસ)ના અમને અહિં ભાગવાળા કરો, (પુત્રનું ભલું) ઇચ્છતી માની પેઠે અર્થાત્ જેમ મા દીકરાનું કલ્યાણ ઇચ્છતી તેઓનું દૂધઆદિ રસથી પોષણ કરે છે, તેમ હે જલ! તમે અમારૂં પોષણ કરો. ૨.

પદચ્છેદ:—तस्मै अरं गमाम वः यस्य क्षयाय जिन्वथ आपः जनयथा च नः ॥ ३ ॥

શબ્દાર્થ:—હે પાણી! જે (અન્ન)ના નિવાસ માટે (તમે ઓષધિને) તૃપ્ત કરો છો તે (અન્ન) માટે (અમે) તમને ચારે ભણીથી પામીએ છીએ. વળી (હે જલ! તમે) અમને (પુત્રપૌત્રાદિ) ઉત્પન્ન કરવામાં સમર્થ કરો. ૩

એના **આંબરીષ સિંધુદ્વીપ ઋષિ, જલ** દેવતા ને ગાયત્રી છંદ છે. માથાઉપર માર્જન કરવામાં તેનો ઉપયોગ છે. માર્જન પ્રત્યેક ચરણને અંતે કિંવા મંત્રને અંતે કરવું જોઇએ.

પછી નીચેનો મંત્ર બોલી **આચમન** લેવું:--

ॐ सूर्यश्च मा मन्युश्च मन्युपतयश्च मन्युकृतेभ्यः पापेभ्यो रक्षंताम् यद्रात्र्या पापमकार्षम्, मनसा वाचा हस्ताभ्याम्, पद्भ्यामुदरेण शिश्ना, रात्रिस्तदवलुंपतु, यत्किंच दुरितं मयि इदमहं माममृतयोनौ, सूर्ये ज्योतिषि जुहोमि स्वाहा ॥[१]

---

૧. પદચ્છેદઃ—**सूर्यः**(1) **च**(2) **मा**(8) **मन्युः**(3) **च**(4) **मन्युपतयः**(5) **च मन्युकृतेभ्यः**(6, 7) **पापेभ्य**(9) **रक्षन्ताम्**(18) **यद्**(10) **रात्र्या**(17) **पापं**(19) **अकार्षम्**(11) **मनसा**(12) **वाचा**(13) **हस्ताभ्याम्**(14) **पदभ्याम्**(15) **उदरेण**(16) **शिश्ना**(21) **रात्रिः**(20) **तद**(22) **अवलुंपतु**(25) **यद**(23) **किंच**(26) **दुरितं**(24) **मयि**(27) **इदं**(22) **अहं**(28) **माम्**(29) **अमृतयोनौ**(30) **सूर्ये**(31) **ज्योतिषि**(33) **जुहोमि**(34) **स्वाहा ॥**

શબ્દાર્થ:—સૂર્ય(1) તથા(2) યજ્ઞ(3) અને(4) યજ્ઞના પતિઓ(5) (ઇંદ્ર (ઇંદ્રાદિદેવો) અસાંગયજ્ઞકૃત(6) પાપોથી(7) મારી(8) રક્ષા કરો(9), (મેં) રાત્રિએ(10) મનથી(11), વાણીથી(12), હાથથી(13), પગથી(14), પેટથી(15), (ને) લિંગથી(16) જે(17) પાપ(18) કર્યું(19) હોય, (તે) પાપ(20) રાત્રિ(21) દૂર(22) કરો. વળી(23) મારામાં(24) જે(25) બીજું(26) પાપ (હોય તે) આ(27) (પાપ) ને (તથા) લિંગશરીરને(28) મરણરહિત(29) જગતના કારણ(30) સૂર્યોપાધિક(31) સ્વયંપ્રકાશમાં(32) હું(33) હોમું છું (તે) સારી રીતે(34) હોમેલું થાઓ.

એના નારાયણ ઋષિ, સૂર્ય દેવતા ને અનુષ્ટુપ્ છંદ છે; અને મંત્રાચમન લેવામાં તેનો ઉપયોગ છે.

એ પ્રમાણે આચમન કરી રહ્યા પછી જમણી હથેળીમાં જલ રાખી, ડાબા હાથના અંગૂઠાવડે નાકનું ડાબું છિદ્ર દબાવી રાખી, જમણી હથેળીને નાકના જમણા છિદ્રઆગળ રાખી, નીચેનો મંત્ર મનમાં બોલી, તે જલપર તે નાસિકાદ્વારા રેચક કરવો. પછી જલને જોયા વિના ડાબી બાજુએ શીઘ્ર ફેંકી દેવું, ને તે જલમાં નીકળેલા પાપપુરુષના સહસ્ર કડકા થઈ ગયા એવી ભાવના કરવીઃ—

ॐ । द्रुपदादिव मुमुचानः, स्विन्नः स्नातो मलादिव ।
पूतं पवित्रेणेवाज्यमापः शुन्धन्तु मैनसः ॥ १ ॥[1]

ઉપરના મંત્રના કોકિલરાજપુત્ર ઋષિ, જલ દેવતા ને અનુષ્ટુપ્ છંદ છે, અને અઘમર્ષણ કરવામાં તેનો ઉપયોગ છે.

---

૧. પદચ્છેદઃ—द्रुपदात्[૧] इव[૩] मुमुचानः[૨] स्विन्नः[૪] स्नातः[૫] मलात्[૭] इव[૬] पूतं[૧૧] पवित्रेण[૮] इव[૯] आज्यं[૧૦] आपः[૧૨] शुन्धन्तु[૧૫] मा[૧૩] एनसः[૧૪] ॥

શબ્દાર્થઃ—(પગમાં પહેરેલી) પાદુકાથી છૂટો[૨] થયેલો જેમ[૩] (તે પાદુકાના દોષથી મોકળો થાય છે, અને) પરસેવાળો[૪] (મનુષ્ય) સ્નાન[૫] કરવાથી જેમ[૬] મેલથી[૭] (મોકળો થાય છે, તથા) પવિત્ર[૮] (ઉનના ગળણા) વડે (ગાળવાથી) જેમ[૯] ઘી[૧૦] પવિત્ર[૧૧] (પોતાની અંતર રહેલા મેલને જીવજંતુ આદિથી મોકળું થાય છે તેમ) હે પાણી[૧૨]! મને[૧૩] પાપથી[૧૪] પવિત્ર[૧૫] કરો. (પાપ સ્પર્શ ન કરે એમ કરો. પાપથી મુક્ત કરો, ને પાપથી પવીત્ર કરો.)

એવી રીતે અઘમર્ષણ કરી રહ્યા પછી હથેળી ધોઇ આચમન લેવું. ત્યારપછી સૂર્યના સામા ઊભા રહી, ખોબામાં કિંવા અર્ઘીઆમાં જલ લઇ, સપ્રણવ ત્રણ વ્યાહૃતિસહિત ગાયત્રીમંત્રવડે શ્રીસૂર્યને ત્રણ **અર્ઘ્ય** આપવા. અનુકૂલતા હોય તો તે અર્ઘ્ય ચંદન, અક્ષત તથા પુષ્પસહિત આપવા. દિવસ ઊગી ગયા પછી સંધ્યા કરવામાં આવે તો પ્રાયશ્ચિત્તનિમિત્ત પુષ્પસહિત એક ચોથો અર્ઘ્ય ઉપરની રીતે આપવો. અર્ઘ્ય આપતી વેળા તર્જની તથા અંગૂઠાને અડવા દેવાં નહિ, ને ખોબાને ઉંચો લાવી, સૂર્યને અર્પણ કરતા હોઇએ તેમ બીજી તરભાણીમાં થોડું જલ નાંખી, તેમાં કે બીજી પવિત્ર જગાએ તે જલ રેડવું.

પછી ॐ । **असावादित्यो ब्रह्म**[૧] એ મંત્ર બોલી પોતાના આસનને **પ્રદક્ષિણા** કરીને, અથવા જમણા હાથમાં જલ લઈ બેઠાં બેઠાં પ્રદક્ષિણાની રીતે તે હાથ ફેરવીને જલ છાંટવું. ત્યારપછી આચમન લઇ એક પ્રાણાયામ કરવો. પછી બંને પગના ફણાપર ઊભા રહી, હાથ જોડીને, અથવા બંને હાથ ઉંચા કરીને, નીચેના ચાર મંત્રોદ્વારા સૂર્યનું ઉપસ્થાન કરવું. એ મંત્રોમાંના પહેલા બે મંત્રના **પ્રસ્કણ્વ**, ત્રીજાના **અંગિરાના** પુત્ર **કુત્સ**, ને ચોથાના **દધ્યં** અથવર્ણના પુત્ર એ ઋષિઓ છે; એ મંત્રોના દેવ **સૂર્ય** છે; અને **અનુષ્ટુપ્**, ગાયત્રી, **ત્રિષ્ટુપ્** ને ઉષ્ણિક્ એ તેના છંદો છે. સૂર્યનું ઉપસ્થાન કરવામાં તેનો ઉપયોગ છે:—

---

૧. પદચ્છેદઃ—**असौ[૧] आदित्यः[૨] ब्रह्म[૩].**

શબ્દાર્થ:—આ[૧] આદિત્ય[૨] બ્રહ્મ[૩] .

ॐ । उद्वयं तमसस्परि स्वः पश्यन्त उत्तरम् ।
देवं देवत्रा सूर्यमगन्म ज्योतिरुत्तमम् ॥ १ ॥
ॐ । उदु त्यं जातवेदसं देवं वहन्ति केतवः ।
दृशे विश्वाय सूर्यम् ॥ २ ॥
ॐ । चित्रं देवानामुदगादनीकं चक्षुर्मित्रस्य वरुणस्याग्नेः ।
आप्रा द्यावापृथिवी अन्तरिक्षं सूर्य आत्मा जगतस्तस्थुषश्च ॥ ३ ॥

---

૧ પદચ્છેદ—उद् वयं तमसः परि स्वः पश्यन्तः उत्तरं देवं देवत्रा सूर्यम् अगन्मः ज्योति उत्तमम् ॥ १ ॥

શબ્દાર્થઃ—સૂર્યવડે રક્ષિત થયેલા (અને) પૃથ્વીની ઉપર સ્વર્ગલોકને ચારેભણીથી જોતા એવા (પૃથ્વીની પેલીભણીના સ્વર્ગલોકને ઓળંગી ગયેલા એવા) અમે પ્રકાશરૂપ શ્રેષ્ઠ સૂર્ય દેવનું અત્યંત ધ્યાન કરીએ છીએ. (તેને પામીએ છીએ.) ૧.

પદચ્છેદઃ—उद् उ त्यम जातवेदसं देव वहन्ति केतवः दृशे विश्वाय सूर्यम् ॥ २ ॥

શબ્દાર્થઃ—તે જાતવેદા (પ્રકાશ સ્વરૂપ) દેવ સૂર્યને કિરણો જગતના પ્રકાશને માટે ઉત્કર્ષથી ધારણ કરે છે—ઉંચે લઈ જાય છે.

પદછેદઃ—चित्रं देवानाम् उद्गात् अनीकम् चक्षुः मित्रस्य वरुणस्य अग्नेः आप्राः द्यावापृथिवी अन्तरिक्षं सूर्यः आत्मा जगतः तस्थुषः च ॥ ३ ॥

શબ્દાર્થઃ—દેવતાઓમાં મુખ્ય મિત્રદેવતાના વરુણદેવતાના (ને

ॐ । तच्चक्षुर्देवहितं पुरस्ताच्छुक्रमुच्चरत् । पश्येम शरद शतं जीवेम शरदः शतं शृणुयाम शरदः शतं प्रब्रवाम शरदः शतमदीनाः स्याम शरदः शतं भूयश्च शरदः शतात् ॥ ४ ॥[1]

ઉપસ્થાન કરી રહ્યા પછી ઊભા રહીને સ્થિરચિત્તે દશ, અઠ્ઠાવીશ, એક સો આઠ કે એક સહસ્ર આઠ ગાયત્રીમંત્રનો જપ અર્થના સ્મરણપૂર્વક કરવો. જપ કરમાલાથી કિંવા રુદ્રાક્ષની માલાથી હાથને

---

૫ ૬ ૭ ૮ ૯
અગ્નિદેવતાના ચક્ષુરૂપ, (આ સૂર્ય) વિચિત્રતાથી ઉદય પામે છે. જંગમ
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪
અને સ્થાવરના આત્મારૂપ (આ) સૂર્ય (પોતાના કિરણના સમૂહથી) સ્વર્ગ
૧૫ ૧૬
અને પૃથ્વીને (તથા) અંતરિક્ષને પૂરતા હવા. ૩

૧ ૨ ૪ ૩ ૫
૧ પદચ્છેદઃ—**तत्चक्षुः देवहितं पुरस्तात् शुक्रं उच्चरत्**
૮ ૭ ૬ ૧૧ ૧૦ ૯ ૧૪ ૧૩
पश्येम शरद शंत जीवेम शरदः शतं शृणुयाम शरदः
૧૨ ૧૭ ૧૬ ૧૫ ૨૦ ૨૧ ૧૯ ૧૮
शतं प्रब्रवाम शरदः शतं अदीनाः स्याम शरदः शतं
૨૫ ૨૨ ૨૪ ૨૩
भूयः च शरदः शतात् ॥ ४ ॥

૧ ૨
શબ્દાર્થઃ—તે (પૂર્વોક્ત દેવતાઓ કિંવા જગત્)ની આંખરૂપ, દેવતા-
૩ ૪ ૫
ઓનું હિત કરનાર શુદ્ધ, ઊગમણી દિશામાં ઉદય પામતું (જે સૂર્યનું મંડળ
૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩
છે તેના ઉપસ્થાનથી અમે) સો વર્ષ જોઈએ, સો વર્ષ જીવીએ, સો વર્ષ
૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨
સાંભળીએ, સો વર્ષ બોલીએ, સો વર્ષ અદીન (દીનતા રહિત) થઇએ. અને
૨૩ ૨૪ ૨૫
સો વર્ષથી વધારે (વર્ષલગી જોઇએ, જીવીએ, ને સાંભળીએ ઇત્યાદિ.) ૪

નાભિપર રાખી તેપર વસ્ત્ર ઢાંકી કરવાનો છે, અનામિકાનો વચલો વેઢો, પછી તેનો પહેલો વેઢો, પછી ટચલીનો પહેલો બીજો ને ત્રીજો વેઢો, પછી અનામિકા ને મધ્યમાના ઉપલ્યા વેઢા, ને પશ્ચાત્ તર્જનીનો ત્રીજો બીજો ને પહેલો વેઢો મળીને કરમાલા થાય છે. મધ્યમાનો પહેલો તથા બીજો વેઢો એ કરમાલાનો સુમેરુ ગણાય છે. જપ કરતી વેળા આડુંઅવળું તથા ઉંચુ જોવું નહિ, હસવું નહિ, તેમ કોઇસાથે ભાષણ પણ ન કરવું.

જપાંતે નીચેનો મંત્ર બોલી ગાયત્રીનું વિસર્જન કરવું. વિસર્જનનો મંત્ર બોલતી વેળા બંને કરતલો સૂર્યસામાં રાખવાં:

ॐ उत्तमे शिखरे जाता, भूम्यां पर्वतमूर्धनि ।
ब्राह्मणेभ्योऽभ्यनुज्ञाता, गच्छ देवि यथासुखम् ॥१॥*

પછી દેહાભિમાનની નિવૃત્તિ માટે ગુરુ, દેવ અને બ્રાહ્મણને બંને હાથ જોડી તેમનો પૃથ્વીને સ્પર્શ થાય એવી રીતે રાખી નમસ્કાર[11] કરવા. ત્યારપછી બે આચમન લેવાં.

---

* **પદચ્છેદઃ**—[3] उत्तमे [4] शिखरे [5] जाता [1] भूम्यां [2] पर्वतमूर्धनि [6] ब्राह्मणेभ्यः [7] अभ्यनुज्ञाता [10] गच्छ [8] देवि [9] यथासुखम् ॥ १ ॥

શબ્દાર્થઃ—(તમે) [1] પૃથ્વીમાં [2] શ્રેષ્ઠપર્વતના [3] ઉત્તમ [4] શિખરમાં [5] જન્મેલાં (ને) [6] બ્રાહ્મણોથી [7] સારી રીતે અનુજ્ઞા પામેલા (છો) [8] હે દેવિ! (તમે હવે) [9] યથાસુખે (સ્વસ્થાનભણી) [10] ગમન કરો.

૧૧ આચાર્યના સ્વરૂપની ભાવના કરી જોડેલા હાથથી તેમને નમસ્કાર

પછી **अनेन प्रातःसंध्याख्येन कर्मणा भगवान् श्रीपरमेश्वरः प्रीयतां न मम ॥** એમ બોલી પ્રાતઃસંધ્યાની સમાપ્તિ કરવી.

॥ इति प्रातःसंध्या ॥

॥ अथ माध्याह्न संध्या ॥

પ્રાતઃસંધ્યાના કરતાં માધ્યાહ્નસંધ્યામાં જે વિશેષ છે તે દર્શાવવામાં આવે છેઃ--

---

કરવા, અને પછી જોડેલા હાથ પ્રદક્ષિણાની રીતે માથાની આસપાસ ફેરવી નીચેનો મંત્ર બોલી સૂર્ય તથા અગ્નિઆદિ દેવોને અને બ્રાહ્મણોને નમસ્કાર કર્યાની નમન કરી ભાવના કરવી.

ॐ । आसत्यलोकात्पातालादालोकालोकपर्वतात् ।
ये संति ब्राह्मणा देवास्तेभ्यो नित्यं नमो नमः ॥

નમસ્કાર કરવાનો પ્રાચીન શિષ્ટાચાર તો આ પ્રમાણે છેઃ—

આચાર્યાદિને ઉપસંગ્રહણ કરવું. પોતાનાં ગોત્રપ્રવરાદિ બોલી પોતાના જમણા અને ડાબા કાનને ક્રમથી ડાબે અને જમણે હાથે સ્પર્શ કરી, પછી આચાર્ય સમીપ હોય તો આચાર્યના જમણા પગને જમણે હાથે અને ડાબા પગને ડાબે હાથે સ્પર્શ કરી મસ્તક નમાવવું તે ઉપસંગ્રહણ કહેવાય છે. ગોત્રપ્રવરાદિનું નીચેની રીતે ઉચ્ચારણ કરવું. આચાર્યવિનાના દેવાદિને માત્ર નમનજ કરવું.

अमुकगोत्रोत्पन्नोऽहं अमुकप्रवरान्वितोऽहं शुक्लयजुर्वेदांतर्गतअमुकशाखाध्यायी अमुकशर्मा (वर्मा वा गुप्तो)ऽहं भो आचार्य त्वां अभिवादयामि । भो वैश्वानर त्वां अभिवादयामि। भोः सूर्याचंद्रमसौ युवां अभिवादयामि । भो यज्ञवल्क्य त्वां अभिवादयामि । भो ईश्वर त्वां अभिवादयामि ॥

સંકલ્પમાં **माध्याह्नसंध्योपासनमहं करिष्ये** એમ કહેવું.[1]

આવાહન નીચેના મંત્રોદ્વારા કરવું:—

ॐ । सावित्रीं युवतीं शुक्लां, शुक्लवस्त्रां त्रिलोचनाम् ।
त्रिशूलिनीं वृषारूढां, यजुर्वेदन संस्थिताम् ॥ १ ॥

रुद्राणीं रुद्रदैवत्यां, रुद्रलोकनिवासिनीम् ।
सावित्रि छंदसां माता, रुद्रयोनि नमोऽस्तु ते ॥ २॥*

---

1 **પદચ્છેદ:—माध्याह्नसंध्योपासनं अहं करिष्ये ॥**

શબ્દાર્થ—હું માધ્યાહ્નસંધ્યાની ઉપાસના કરીશ.

* **પદચ્છેદ:—सावित्रीं युवतीं शुक्लां शुक्लवस्त्रां त्रि-लोचनां त्रिशूलिनीं वृषारूढां यजुर्वेदन संस्थितां रुद्राणीं रुद्रदैवत्यां रुद्रलोकनिवासिनीं सावित्रि छंदसां मातर् रुद्रयोनि नमः अस्तु ते**

શબ્દાર્થ:—સાવિત્રિ, યુવાવસ્થાવાળાં, ઉજ્જવલ રંગવાળાં, શ્વેત વસ્ત્રવાળાં, ત્રણ નેત્રવાળાં, ત્રિશૂલને ધારણ કરનારાં, વૃષભપર આરૂઢ થયલાં યજુર્વેદવડે સંસ્થિર થયેલાં, રુદ્રાણી, રુદ્રનાં શક્તિ, (ને) રુદ્રલોકમાં રહેનારાનું (આવાહન કરૂં છું.) હે સાવિત્રિ ! હે વેદની માતા ! હે રુદ્રયોનિ ! તમને નમસ્કાર હો.

મંત્રાચમન નીચેના મંત્રોદ્વારા લેવું:—

ॐ । आपः पुनन्तु पृथिवीं पृथिवी पूता पुनातु माम् ।
पुनन्तु ब्रह्मणस्पतिर्, ब्रह्म पूता पुनातु माम् ॥ १ ॥
यदुच्छिष्टमभोज्यं च, यद्वा दुश्चरितं मम ।
सर्वं पुनन्तु मामापोऽसतां च प्रतिग्रह स्वाहा ॥ २ ॥[1]

એ મંત્રોના **નારાયણ** ઋષિ, જલ દેવતા ને ગાયત્રી છંદ છે.

ગાયત્રી મંત્રવડે **શ્રીસૂર્યને** એક **અર્ઘ્ય** ઉંચે ઉછાળીને આપવો.

---

૧ ૩ ૨ ૫ ૪ ૭
૧ **પદચ્છેદઃ**—आपः पुनंतु पृथिवीम् पृथिवी पूता पुनातु
૬ ૯ ૮ ૧૦ ૧૧ ૧૩ ૧૨ ૧૪ ૧૫
माम् पुनंतु ब्रह्मणस्पतिः ब्रह्म पूता पुनातु माम् यद् उच्छिष्ट·
૧૭ ૧૬ ૨૩ ૨૧ ૨૪ ૨૨ ૨૫ ૨૮ ૨૭ ૨૬
अभोज्यं च यद् वा दुश्चरितं मम सर्वं पुनन्तु माम् आपः
૧૮ ૧૯ ૨૦ ૨૯
असतां च प्रतिग्रहं स्वाहा ॥

૧ ૨ ૩ ૪ ૫
શબ્દાર્થ—પાણી પૃથ્વીને (સ્થૂલશરીરને) પવિત્ર કરે. પવિત્ર થયેલી પૃથ્વી
૬ ૭ ૮
(સ્થૂલશરીર) મને (ક્ષેત્રજ્ઞને) પવિત્ર કરે. (વળી તે પાણી) વેદના પાલકને
૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫
(આચાર્યને) પવિત્ર કરે. વેદ પવિત્ર થયા છતાં મને પવિત્ર કરે. જે એંઠું
૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦
અને નિંદિતભોજન (કર્યું હોય,) તથા અપ્રતિગ્રહનો પ્રતિગ્રહ (મેં કરેલો
૨૧ ૨૨ ૨૩ ૨૪ ૨૫ ૨૬ ૨૭
હોય,) અથવા મારામાં જે દુરાચરણ (હોય, તે) સર્વથી જલ મને
૨૮ ૨૯
પવિત્ર કરે. (આ આચમનવડે સર્વે પાપો) સારી રીતે હોમેલાં થઓ.

ગાયત્રીમંત્રનો જપ હૃદય આગળ હાથ રાખી તે પર વસ્ત્ર ઢાંકીને કરવો. ગાયત્રીનું વિસર્જન નીચેના મંત્રથી કરવું:—

ॐ उत्तमे शिखरे जाता, भूम्यां पर्वतमूर्धनि ।
रुद्रयोनि समुत्पन्ना, गच्छ देवि यथासुखम् ॥ १ ॥[1]

સમાપ્તિમાં **अनेन माध्याह्नसंध्याख्येन** ઇત્યાદિ કહેવું.

બાકીનું બીજું બધું પ્રાતઃસંધ્યા પ્રમાણે કરવું.

॥ इति माध्याह्नसंध्या ॥

॥ अथ सायंसंध्या ॥

પ્રાતઃસંધ્યા કરતાં સાયંસંધ્યામાં જે વિશેષ છે તે દર્શાવવામાં આવે છેઃ—

સાયંસંધ્યા પશ્ચિમાભિમુખે કરવી, ને ગાયત્રીજપ પણ તેજ દિશાભણી બેસીને કરવો.

---

૧. **પદચ્છેદ:**—**उत्तमे**(૩) **शिखरे**(૪) **जाता**(૫) **भूम्यां**(૧) **पर्वतमूर्धनि**(૨) **रुद्रयोनि**(૭) **समुत्पन्ना**(૬) **गच्छ**(૧૦) **देवि**(૮) **यथासुखम्**(૯) ॥

શબ્દાર્થ:—(તમે) પૃથ્વીમાં(૧) શ્રેષ્ઠ પર્વતના(૨) ઉત્તમ(૩) શિખરમાં(૪) જન્મેલાં(૫) (ને) સારી રીતે ઉત્પન્ન થયેલાં(૬) છો ! હે રૂદ્રયોની(૭) ! હે દેવિ(૮) ! (હવે તમે) યથાસુખે(૯) (સ્વસ્થાનભણી) જાઓ(૧૦).

સંકલ્પમાં सायंसंध्योपासनमहं करिष्ये એમ કહેવું.[1]

આવાહન નીચેના મંત્રોવડે કરવું:—

ॐ । वृद्धां सरस्वतीं कृष्णां, पीतवस्त्रां चतुर्भुजाम् ।
शंखचक्रगदापद्महस्तां गरुडवाहिनीम् ॥
बदर्याश्रममावासामायातीं सूर्यमंडलात् ॥ १ ॥
आगच्छ वरदे देवि, त्र्यक्षरे विष्णुवादिनि ।
भारति छंदसां मातर्, विष्णुयोनि नमोऽस्तु ते ॥२॥[2]

---

१. પદચ્છેદઃ—सायंसंध्योपासनं अहं करिष्ये ॥

શબ્દાર્થ:—હું સાયંસંધ્યાની ઉપાસના કરીશ.

२. પદચ્છેદ—वृद्धां सरस्वतीं कृष्णां पीतवस्त्रां चतुर्भुजाम् शंखचक्रगदापद्महस्तां गरुडवाहिनीम् बदर्याश्रमम् आवासां आयातीं सूर्यमंडलात् आगच्छ वरदे देवि त्र्यक्षरे विष्णुवादिनि भारति छंदसां मातर् विष्णुयोनि नमः अस्तु ते ॥

શબ્દાર્થ:—વૃદ્ધા, સરસ્વતી, કૃષ્ણા, પીળા વસ્ત્રવાળાં ચાર હાથવાળાં, શંખ ચક્ર ગદા ને પદ્મ જેના હાથમાં છે એવાં, ગરૂડવાહીની, બદરિકાશ્રમમાં રહેનારાં, (ને) સૂર્યમંડલમાંથી આવનારાનું (હું આવાહન કરૂં છું) હે વર દેનારાં દેવી! હે ત્ર્યક્ષરે! હે વિષ્ણુવાદિનિ! આવો હે ભારતિ! હે વેદની માતા! હે વિષ્ણુયોનિ! તમને નમસ્કાર હો.

મંત્રાચમન નીચેના મંત્ર બોલીને લેવું:—

ॐ अग्निश्च मा मन्युश्च मन्युपतयश्च मन्युकृतेभ्यः पापेभ्यो रक्षन्ताम्, यदह्ना पापमकार्षम्, मनसा वाचा हस्ताभ्याम्, पद्भ्यामुदरेण शिश्ना, अहस्तदवलुंपतु, यत्किंच दुरितं मयि, इदमहं मामामृतयोनौ, सत्ये ज्योतिषि जुहोमि स्वाहा ॥[१]

એ મંત્રના **નારાયણ** ઋષિ, **અગ્નિ** દેવતા ને **પ્રકૃતિ** છંદ છે, અને **આચમન** લેવામાં તેનો ઉપયોગ છે.

ગાયત્રીજપ બેસીને નાસિકાગ્ર પાસે હાથ રાખી તેપર વસ્ત્ર ઢાંકીને કરવો.

ગાયત્રીનું વિસર્જન નીચેનો મંત્ર બોલીને કરવું:—

ॐ उत्तमे शिखरे जाता, भूम्यां पर्वतमूर्धनि ।
विष्णुयोनि समुत्पन्ना, गच्छ देवि यथासुखम् ॥ १ ॥[२]

---

૧. **सूर्यश्च मा मन्युश्च०** એ પ્રાતઃસંધ્યામાંના મંત્રમાં ને આમાં માત્ર નીચે લખેલો ફેરફાર છે, તે સમજી પદચ્છેદ તથા શબ્દાર્થ યોજવા:—

सूर्यश्च ની જગ્યાએ **अग्निश्च** એટલે અગ્નિ.
रात्र्या „ „ **अह्ना** „ દિવસે. [માની દેવ.
रात्रिः „ „ **अहः** „ દિવસ–દિવસના અભિ-
सूर्ये „ „ **सत्ये** „ સત્યમાં.

૨. **પદચ્છેદ:—उत्तमे[३] शिखरे[४] जाता[५] भूम्यां[६] पर्वतमूर्धनि[२] विष्णुयोनि[७] समुत्पन्ना[६] गच्छ[१०] देवि[८] यथासुखम्[९] ॥**

શબ્દાર્થ:—(તમે) પૃથ્વીમાં[१] શ્રેષ્ઠપર્વતના[२] ઉત્તમ[३] શિખરમાં[४] જન્મેલાં[५]

સમાપ્તિમાં **अनेन सायंसंध्याख्येन** ઇત્યાદિ કહેવું.

બાકીનો ભાગ પ્રાતઃસંધ્યા પ્રમાણે કરવો.

પ્રત્યેક સમય સંધ્યા કરી રહ્યા પછી શિખા છોડી નાંખવાની આવશ્યક્તા નથી, કદી છોડવી તો પાછી તે વેલાસર બાંધી લેવી.

॥ इति सायंसंध्या ॥

॥ इति संध्याप्रयोगः ॥*

॥ સૂતકમાં સંધ્યા કરવાની વિધિ ॥

પ્રાણાયામ મંત્રરહિત કરવા. આચમન મંત્રરહિત લેવું. ॐ **आपो हि ष्ठा** ઇત્યાદિ મંત્રો મનમાં ભણીને માર્જન કરવું. ગાયત્રીમંત્ર સ્પષ્ટ બોલીને તેવડે **શ્રીસૂર્યને** અર્ધ્યપ્રદાન કરવું. **सूर्यश्च०** એ મંત્રથી આચમન ન કરવું, તેમ ઉપસ્થાન પણ ન કરવું. દશ ગાયત્રીમંત્રનો માનસ જપ કરવો.

(ને) [6] સારી રીતે ઉત્પન્ન થયેલાં (છો.) હે વિપ્રણ[7]યોની ! હે દે[8]વિ ! (હવે તમે) [9] યથાસુખે (સ્વસ્થાનભણી) [10] જાઓ.

* **શ્રીકાત્યાયનઋષિને** મતે સંધ્યામાં આચમન, ત્રણ **પ્રાણાયામ**, **શ્રીસૂર્યને અર્ધ્યપ્રદાન**, **શ્રીસુર્યનું** ઉપસ્થાન, ને યથાશક્તિ ગાયત્રીજપ એ કર્તવ્ય છે; માટે જેનાથી આ ગ્રંથમાં કહ્યા પ્રમાણે સંધ્યા ન થઇ શકે તેણે સંકલ્પ કર્યા પછી તે મુખ્ય અને અતિ અગત્યનો ભાગજ કરવો. જેનાથી એ પ્રમાણે પણ ન બની શકે એવા પ્રમાદીએ તો અર્ધ્યપ્રદાન ને દશ ગાયત્રીનો જપ એ કરવાં, પણ સંધ્યાનો કદી પણ લોપ ન કરવો. પ્રત્યેક દ્વિજને સંધ્યા શામાટે કર્તવ્ય છે તે જાણવા ઈચ્છા થાય તો **શ્રીસંધ્યારહસ્ય** વાંચો.

॥ अथ ब्रह्मयज्ञविधिः ॥

પ્રાતઃકાલની કિંવા મધ્યાહ્નકાલની સંધ્યા કર્યા પછી અથવા વૈશ્વદેવમાં કહેલે સ્થલે નિત્યપ્રતિ એક વારજ બ્રહ્મયજ્ઞ કરવો. દર્ભાસનપર પૂર્વાભિમુખે બેસી, આચમનપ્રાણાયમ કરી નીચે પ્રમાણે સંકલ્પ કરવો:–

अत्राद्य महामांगल्यप्रदे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ अमुकवासरे ॐ तत्सत्परमेश्वरप्रीत्यर्थं यथाशक्ति ब्रह्मयज्ञमहं करिष्ये ॥

પછી પ્રણવ અને વ્યાહૃતિસહિત ગાયત્રીનો એક વાર પાઠ કરી પશ્ચાત્ નીચેના મંત્રો ભણવા:—

ॐ इषे त्वोर्ज्जे त्वा वायव स्थ देवो वः सविता प्रार्पयतु श्रेष्ठतमाय कर्मण आप्यायध्वमघ्न्या इन्द्राय भागं प्रजावतीरनमीवा अयक्ष्मा मा वस्तेन ईशत माघशंसो ध्रुवा अस्मिनगोपतौ स्यात बह्वीर्यजमानस्य पशून्पाहि ॥ १ ॥ ॐ हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् । योऽसावादित्ये पुरुषः सोऽसावहम् ॥ ॐ ३ म् खं ब्रह्म ॥ १७ ॥

પછી નીચે પ્રમાણે બોલી બ્રહ્મયજ્ઞની સમાપ્તિ કરવી:—

अनेन ब्रह्मयज्ञाख्येन कर्मणा भगवान् श्रीपरमेश्वरः प्रीयतां न मम ॥

॥ इति ब्रह्मयज्ञविधिः ॥

॥ अथ तर्पणप्रयोगः ॥

તર્પણ પ્રાતઃકાલની સંધ્યા કર્યા પછી અથવા બ્રહ્મયજ્ઞ કર્યા પછી માત્ર એક વારજ કરવું.

દર્ભાસનપર પૂર્વાભિમુખે બેસી, આચમનપ્રાણાયામ કરી, પછી નીચે પ્રમાણે સંકલ્પ કરવો:-

अत्राद्य महामांगल्यप्रदे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ अमुकवासरे ॐ तत्सत्परमेश्वरप्रीत्यर्थं देवऋषिमनुष्यपितृतर्पणमहं करिष्ये ॥

પછી નીચેના મંત્રો ભણી દેવ, ઋષિ તથા પિતૃઓને ઉદ્દેશે તલસહિત જલનો વા એકલા જલનો એક અંજલિ દેવો:-

ॐ आब्रह्मस्तंबपर्यंतं देवर्षिपितृमानवाः । तृप्यंतु पितरः सर्वे मातृमातामहादयः ॥ अतीतकुलकोटीनां सप्तद्वीपनिवासिनाम् । आब्रह्मभुवनाल्लोकादिदमस्तु तिलोदकम् ॥

એ અંજલિ દેવતીર્થથી એટલે આંગળીઓનાં અગ્રોથી આપવો, ને અંજલિમાંનું જલ પવિત્ર ભૂમિપર વા તરભાણામાં નાંખવું.

પછી નીચે પ્રમાણે અર્પણનું ઉચ્ચારણ કરી તર્પણની સમાપ્તિ કરવી:-

अनेन यथाशक्ति देवऋषिमनुष्यपितृतर्पणाख्येन कर्मणा पितृरूपी जनार्दनवासुदेवः प्रीयतां न मम ॥

॥ इति तर्पणप्रयोगः ॥

॥ अथ श्रीशिवपूजनविधिः ॥

ભસ્મનાં ત્રિપુંડ્ર અને રુદ્રાક્ષ ધારણ કરી, આચમનપ્રાણાયામ કરી, **ॐ श्रीमन् महागणाधिपतये नमः ॥** એમ બોલી, પછી નીચે પ્રમાણે સંકલ્પ કરવો:—

अत्राद्य महामांगल्यप्रदे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ अमुकवासरे श्रीसदाशिवप्रीत्यर्थं अमुकशिवपूजनमहं करिष्ये॥

પછી પવિત્ર જલથી ભરેલા પૂજાના કલશની પૂજા કરી **श्रीशं**કરનું ધ્યાન કરવું, ને તે જલમાંથી થોડા જલવડે પૂજાના સર્વ દ્રવ્યને તથા સ્વ-શરીરને **ॐ आपो हिष्ठा०**એ મંત્રથી પૂજા કરતા પહેલાં પ્રોક્ષણ કરવું.

પછી નીચે પ્રમાણે પૂજા આરંભવી:—

ॐ नमः शिवाय स्नानं समर्पयामि ॥ ॐ नमः शिवाय गंधं समर्पयामि ॥ ॐ नमः शिवाय पुष्पाणि समर्पयामि ॥ ॐ नमः शिवाय धूपं समर्पयामि ॥ ॐ नमः शिवाय दीपं समर्पयामि ॥ ॐ नमः शिवाय नैवेद्यं समर्पयामि ॥

ઉપરના મંત્રો વડે તે તે ઉપચારો અર્પણ કરી તેજ મંત્રથી પ્રદક્ષિણા તથા નમસ્કાર કરવાં. પછી તે પંચાક્ષરમંત્રનો દશ વાર કિંવા એકસો આઠ વાર જપ કરી પછી પ્રાર્થના કરવી, ને અંતે નીચે પ્રમાણે બોલી તે પૂજા સમાપ્ત કરવી:—

अनेन पूजनेन श्रीसांबसदाशिवः प्रीयतां न मम ॥

॥ इति शिवपूजनविधिः ॥

॥ अथ वैश्वदेवप्रयोगः ॥

પવિત્ર ભૂમિપર સંમુખ કુંડ રાખી તેમાં જે અગ્નિપર પાક કર્યો હોય તે અગ્નિને સ્થાપન કરી, તથા તેની પાસે ઘીવાળો ભાત તાંબાના પાત્રમાં રાખી, પૂર્વાભિમુખે બેસી, આચમનપ્રાણાયામ કરી, નીચે પ્રમાણે સંકલ્પ કરવો:--

अत्राद्य महामांगल्यप्रदे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ अमुकवासरे श्रीपरमेश्वरप्रीत्यर्थं वैश्वदेवाख्यकर्माहं करिष्ये ॥

પછી કુંડમાંના અગ્નિને વાંસની ભુંગળીથી ફુંકી, પ્રજ્વલિત કરી, અગ્નિનું ધ્યાન તથા આવાહન કરી, તે અગ્નિનું ચંદનાદિવડે પૂજન કરવું. પછી ૐ **अग्नये नमो नमः ॥** એમ બોલી જમણા હાથમાં જલ લઈ કુંડની આસપાસ ઈશાનકોણથી ઈશાનકોણપર્યંત જલધારા કરવી. પછી લાવી રાખેલા ભાતનું ગાયત્રીમંત્રવડે પ્રોક્ષણ કરી, તેવડે કુંડમાંના પ્રદીપ્ત અગ્નિમાં દેવતીર્થથી નીચેના મંત્રોવડે આહુતિઓ દેવી:-

ॐ भूः स्वाहा । इदमग्नये न मम ॥ ॐ भुवः स्वाहा । इदं वायवे न मम ॥ ॐ स्वः स्वाहा ॥ इदं सूर्याय न मम ॥ ॐ भूर्भुवः स्वः स्वाहा । इदं प्रजापतये न मम ॥ ॐ अग्नये स्विष्टकृते स्वाहा । इदमग्नये स्विष्टकृते न मम ॥इति देवयज्ञः॥

પછી તે અગ્નિના પશ્ચિમ ભાગમાં ભૂમિપર જલથી એક વેંતનું મંડલ કરી, તેપર પૂર્વાગ્ર ત્રણ દર્ભ પાથરી, તેપર નીચે પ્રમાણે બલિહરણ* કરવું:-

દક્ષિણભણી:-[1]ॐ **धात्रे नमः । इदं धात्रे न मम ॥** ઉત્તર-

*આ બલિ દેવતીર્થથી મુકવા. બલિહરણપટ્ટ આ પ્રમાણે થાય છે:—

ભણી:—२ॐ **विधात्रे नमः । इदं विधात्रे न मम ॥** મધ્યમાં:—
३ॐ **विश्वेभ्यो देवेभ्यो नमः । इदं वि० दे० न मम ॥** ४ॐ **विश्वेभ्यो भूतेभ्यो नमः । इदं वि० भू० न मम ॥** ઉત્તરભણી:—५ॐ **भूतानां च पतये नमः । इदं भू० च प० न मम ॥ इति भूतयज्ञः ॥**

પછી ડાબો પગ વાળી દક્ષિણભણી મુખ રાખી અપસવ્ય થઇ પિતૃતીર્થથી એટલે જમણા હાથના અંગૂઠા ને તર્જનીના મધ્યભાગથી અવશિષ્ટ અન્નનો પિતૃબલિ દક્ષિણભણી નીચેના મંત્રવડે મૂકવો:—
६ॐ **पितृभ्यः स्वधा । इदं पितृभ्यो न मम ॥ इति पितृयज्ञः ॥**

પછી જનોઈને સવ્ય કરી અન્નરહિત થયેલા તે પાત્રમાં થોડું જલ નાંખી, તે પાત્ર ધોઈ, તે જલ નીચેના મંત્રથી વાયવ્યખૂણામાં નાંખવું:—
७ॐ **यक्ष्मैतत्ते निर्णेजनम् । इदं यक्ष्मणे न मम ॥** પછી બ્રહ્મયજ્ઞ ન કર્યો હોય તો કરી ઘરમાં દેવપૂજા હોય તો મંત્રપુષ્પપૂર્વક ઘૃતપક્વાન્નાદિ નૈવેદ્ય સમર્પણ કરવું. પશ્ચાત્ જનોઇને કંઠમાં કરી મનુષ્યતીર્થથી એટલે ટચલી આંગળીના મૂળઆગળથી ઉત્તરભણી નીચેનો મંત્ર બોલી એક ગ્રાસજેટલું અન્ન મૂકવું:—८ॐ **हंत ते सनकादिमनु-**

પૂર્વ.

* २ ॐ विधात्रे० १ धात्रे नमः *
* ५ ॐ । तानां०

*

ઉત્તર. * ८ ॐ हंत ते० ४ ॐ वि० भू० ६ ॐ पितृ० * દક્ષિણ.

*

७ ॐ यक्ष्मै० ३ ॐ वि० दे० नमः

પશ્ચિમ.

ज्येभ्यः । इदं सनकादिमनुष्येभ्यो न मम ॥ इति मनुष्ययज्ञः ॥

પછી ગાયને માટે તથા શ્વાનને માટે થોડું થોડું અન્ન કાઢી રાખવું. પશ્ચાત્ કુંડમાંથી વિભૂતિ લઈ તે લલાટ, કંઠ, બે બાહુમૂલ ને હૃદય એ સ્થાને ધારણ કરી નીચેના મંત્રથી અગ્નિનું વિસર્જન કરવું:—

गच्छ गच्छ सुरश्रेष्ठ स्वस्थान परमेश्वर ।
यत्र ब्रह्मादयो देवास्तत्र गच्छ हुताशन ॥

પછી નીચે પ્રમાણે બોલી તે કર્મ **શ્રી**પરમેશ્વરને અર્પણ કરવું:—

अनेन वैश्वदेवाख्येन कर्मणा श्रीपरमेश्वरः प्रीयतां न मम ॥

પછી કોઇ પૂજ્ય અતિથિ આવેલો હોય તો તેને ભોજન કરાવી પશ્ચાત્ ગૃહસ્થે કુટુંબસહિત ભોજન કરવું.

સૂચના:—પિતા વૈશ્વદેવ કરતા હોય તો પિતાથી અવિભક્ત પુત્રે ગ્રામાંતરમાં પોતે રહેતો હોય તોપણ પૃથક્ વૈશ્વદેવ કરવો નહિ, માત્ર વ્યાહૃતિથી ત્રણ આહુતિ અગ્નિને આપવી, ને ગોગ્રાસ તથા શ્વાનભાગ કાઢવો.

પિતા વૈશ્વદેવ ન કરતા હોય તો પિતાના પ્રતિનિધિરૂપે પુત્રે સમગ્ર વૈશ્વદેવ કરવો.

॥ इति वैश्वदेवप्रयोगः ॥

॥ अथ भोजनविधिः ॥

જલથી કરેલા ચતુષ્કોણ મંડલપર ભોજનપાત્રો રાખી, તેમાં ઘૃતાદિયુક્ત અન્ન પીરસાયા પછી જમણા હાથમાં જલ લઇ ગાયત્રીમંત્ર-

વડે તે જલથી પીરસેલા અન્નનું સંપ્રોક્ષણ કરી તે પરમાત્માને અર્પણ કરવું. પછી દિવસે **सत्यं त्वर्तेन परिषिंचामि** એ મંત્રવડે તથા રાત્રિએ **ऋतं त्वा सत्येन परिषिंचामि** એ મંત્રવડે પાત્રની આસપાસ પંક્તિનિવારણાર્થે પ્રદક્ષિણાની રીતે જલધારા કરવી.

પછી જમણેથી ડાબીભણી જાય તેવી રીતે પાત્રસંમુખ નાની જલધારા કરી તે ઠેકાણે જમણીભણીથી ડાબીભણી જાય એમ નીચે પ્રમાણે બોલી ઘીવાળા ભાતના ત્રણ બલિ મૂકવાઃ-૧ લોઃ-ॐ **भूपतये स्वाहा नमः** ॥ ૨ જોઃ-ॐ **भुवनपतये स्वाहा नमः** ॥ ૩ જોઃ-ॐ **भूतानांपतये स्वाहा नमः** ॥

ॐ **अमृतोपस्तरणमसि स्वाहा** એ મંત્રવડે જમણા હાથમાં રાખેલા પાણીનું આચમન કરવું. પછી ડાબા હાથવડે ભોજનપાત્રને સ્પર્શ કરી, તથા મૌન ધારણ કરી, ॐ **प्राणाय स्वाहा,** ॐ **अपानाय स्वाहा,** ॐ **व्यानाय स्वाहा,** ॐ **समानाय स्वाहा,** ॐ **उदानाय स्वाहा** એવા પાંચ મંત્રોવડે, પ્રત્યેક મંત્રે એક એમ પાંચ આહુતિ ઘીવાળા અથવા દૂધવાળા ભાતની પ્રાણને આપવી. પછી પાત્રપરથી ડાબો હાથ ઉપાડી લઇ ધોઇ, જલનો સ્પર્શ તે હાથની અનામિકાવડે બન્ને નેત્રને કરવો. ત્યારપછી રુચિ પ્રમાણે જમવું. પાત્રનો સ્પર્શ તથા મૌન એ પ્રાણાહુતિ સુધી આવશ્યક છે, પછી રાખવાં કે ન રાખવાં તે સ્વેચ્છાપર છે. ખુણાઓભણી મુખ રાખી ભોજન ન કરવું. જમી રહ્યા પછી શેષ અન્નમાંથી પાત્રની ડાબી બાજુએ એક ચિત્રાહુતિ મૂકવી. પછી જમણા હાથમાં પાણી લઈ ॐ **अमृतापिधानमसि स्वाहा** એ મંત્રવડે ઉત્તરઆપોશનનું અર્ધું પાણી પી જઈ અર્ધું જે ઠેકાણે ચિત્રાહુતિ મૂકેલ છે તે ઠેકાણે

પિતૃતીર્થની રીતે એટલે અંગુઠાને તર્જનીના મધ્યભાગથી રેડવું. પછી હાથમુખ ધોઇ સોળ કોગળા કરી બે આચમન લેવાં.

બન્ને પ્રકારના આશૌચમાં જમવા સમયનું બલિદાન, પાંચ પ્રાણાહુતિને ડાબે હાથે પાત્રનો સ્પર્શ ઇત્યાદિ કહ્યા પ્રમાણે કરવાં, તેમનો ત્યાગ ન કરવો.

॥ इति भोजनविधिः ॥

॥ अथ यज्ञोपवीतधारणप्रयोगः ॥

સૂતકની તથા ગ્રહણની સમાપ્તિએ, ચાર માસે અથવા આકસ્મિકરીતે ત્રુટી જાય ત્યારે કે એવે બીજે પ્રસંગે નીચેના વિધિ પ્રમાણે દ્વિજે નવું જનોઈ ધારણ કરવું જોઇએ.

પૂર્વાભિમુખે કિંવા ઉત્તરાભિમુખે બેસી, યજ્ઞોપવીત જલથી ક્ષાલન કરી, પશ્ચાત્ આચમન લઇ, એક પ્રાણાયામ કરવો. પછી હાથેળીમાં વા આચમનીમાં જલ લઇ નીચે પ્રમાણે સંકલ્પ કરવો:—

अत्राद्य महामांगल्यप्रदे अमुकमासे अमुकपक्षे अमुकतिथौ अमुकवासरे मम श्रौतस्मार्तकर्मानुष्ठानसिद्ध्यर्थं नवीनयज्ञोपवीतधारणमहं करिष्ये ॥

પછી તે યજ્ઞોપવીત કરસંપુટમાં રાખી તેનું દશ ગાયત્રી મંત્રવડે અભિમંત્રણ કરવું.

પછી બન્ને હાથના અંગૂઠાતર્જની તથા કનિષ્ઠિકામધ્યમાની વચ્ચે જનોઇ રાખી, બન્ને હાથ ઉંચા કરી, ૐ **तच्चक्षुर्देवहितं पुरस्ता-**

च्छुक्रमुच्चरत् पश्येम० એ મંત્ર પૂરો બોલી, તે જનોઇ **શ્રીસુર્યને** દેખાડવું. પછી નીચેના મંત્રો ભણવાઃ-

ॐ । यज्ञोपवीतं परमं पवित्रं, प्रजापतेर्यत्सहजं पुरस्तात्।
आयुष्यमग्र्यं प्रतिमुञ्च शुभ्रं, यज्ञोपवीत बलमस्तु तेजः ॥१॥
ॐ । यज्ञोपवीतमसि यज्ञस्य त्वा यज्ञोपवीतेनोपनह्यामि ॥

એ મંત્રો બોલી, બન્ને હાથ નીચા કરી, ડાબા ખભાપર ડાબા હાથદ્વારા તે ધારણ કરવું. પછી આચમન લેવું. ગૃહસ્થ હોય તેણે તેવીજ રીતે બીજું જનોઈ ધારણ કરવું. પશ્ચાત્ દશ ગાયત્રી મંત્રનો જપ કરી પછી જૂનું ઉપવીત **ॐ समुद्रं गच्छ स्वाहा०** એ મંત્ર બોલીને કિંવા **एतावद्दिनपर्यन्तं ब्रह्म त्वं धारितं मया । जीर्ण-त्वात्त्वत्परित्यागो गच्छ सूत्र यथासुखम् ॥** એ મંત્રનું ઉચ્ચારણ કરીને શિરોમાર્ગથી કાઢી નાંખવું, ને કરેલો જપ **શ્રીસુર્યભગવાનને** નીચે પ્રમાણે બોલી અર્પણ કરવોઃ-

अनेन नवयज्ञोपवीतधारणार्थे कृतेन यथाशक्ति गायत्री-जपकर्मणा श्रीसवितादेवता प्रीयतां न मम ॥

॥ इति यज्ञोपवीतधारणप्रयोगः ॥

॥ अथ श्रीदक्षिणामूर्तिस्तोत्रम् ॥

विश्वं दर्पणदृश्यमाननगरीतुल्यं निजांतर्गतं,
पश्यन्नात्मनि मायया बहिरिवोद्भूतं यथा निद्रया ।

यः साक्षात्कुरुते प्रबोधसमये स्वात्मानमेवाद्वयम्,
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ १ ॥

અર્થઃ—દર્પણમાં દેખાતી નગરીની પેઠે નિજાંતર્ગત વિશ્વને જેમ નિદ્રાએ કરીને બહારના જેવું દેખીએ છીએ, તેમ આત્મામાં રહેલા જગતને માયાએ કરી બહાર ઉપજ્યાજેવું દેખતાં છતાં જે પ્રબોધના સમયમાં અદ્વયરૂપ સ્વાત્માનેજ અપરોક્ષ કરે છે, તે શ્રીગુરુની મૂર્તિરૂપ શ્રીદક્ષિણામૂર્તિને આ નમસ્કાર હો. ૧

बीजस्यांतरिवांकुरो जगदिदं प्राङ्निर्विकल्पं पुनर्,
मायाकल्पितदेशकालकलनावैचित्र्यचित्रीकृतम् ।
मायावीव विजृंभयत्यपि महायोगीव यः स्वेच्छया,
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ २ ॥

અર્થઃ—બીજની અંતર અંકૂરની પેઠે આ જગત્ પૂર્વે નિર્વિકલ્પ હતું. પછી માયાવડે કલ્પિત દેશકાલની કલ્પનાની વિચિત્રતાએ કરી ચિત્રની પેઠે કર્યું છે. જે માયાવીની પેઠે અને મહાયોગીની પેઠે સ્વેચ્છાએ કરી વિલાસ કરે છે, તે શ્રીગુરુમૂર્તિરૂપ શ્રીદક્ષિણામૂર્તિને આ નમસ્કાર હો. ૨.

यस्यैव स्फुरणं सदात्मकमसत्कल्पार्थग भासते,
साक्षात्तत्त्वमसीति वेदवचसा यो बोधयत्याश्रितान् ।
यत्साक्षात्करणाद्भवेन्न पुनरावृत्तिर्भवांभोनिधौ,
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ३ ॥

અર્થઃ—જેનું સ્ફુરણ સદ્રૂપ છતાં અસત્‌ના જેવા પદાર્થોમાં

અનુસ્યૂત ભાસે છે, અને જે "**તત્ત્વમસિ**" આ વેદના વચનવડે શરણાગતોને સાક્ષાત્ બોધ કરે છે, વળી જેના સાક્ષાત્કારથી સંસાર-સાગરમાં પુનર્જન્મ થાય નહિ, તે શ્રીગુરુમૂર્તિરૂપ **શ્રીદક્ષિણામૂર્તિને** આ નમસ્કાર હો. ૩.

नानाछिद्रघटोदरस्थितमहादीपप्रभाभास्वरं,
ज्ञानं यस्य तु चक्षुरादिकरणद्वारा बहिः स्पंदते ।
जानामीति तमेव भांतमनुभात्येतत्समस्तं जगत्,
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ४ ॥

અર્થઃ—ઘણા છિદ્રવાળા ઘડાના ઉદરમાં રહેલા મોટા દીવાના પ્રકાશના જેવું પ્રકાશવાળું જેનું જ્ઞાન ચક્ષુરાદિ કરણદ્વારા સ્ફુરે છે; "હું જાણું છું" એવી રીતે તેનાજ ભાસમાન્ થયે આ સમસ્ત જગત્ પછી ભાસે છે, તે શ્રીગુરુમૂર્તિરૂપ **શ્રીદક્ષિણામૂર્તિને** આ નમસ્કાર હો. ૪.

देहं प्राणमपींद्रियाण्यपि चलां बुद्धिं च शून्यं विदुः,
स्त्रीबालांधजडोपमास्त्वहमिति भ्रांता भृशं वादिनः ।
मायाशक्तिविलासकल्पितमहाव्यामोहसंहारिणे,
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ५ ॥

અર્થઃ—સ્ત્રી, બાલક, અંધ અને જડની ઉપમાળાવાળા ઘણા ભ્રાંત વાદિપુરુષો તો દેહને, પ્રાણને, ઇંદ્રિયોને, ચંચલ બુદ્ધિને કિંવા શૂન્યને "હું છું" એમ જાણે છે, તે માયાશક્તિના કાર્યરૂપ કલ્પિત મહાવ્યામોહનો સંહાર કરનારા શ્રીગુરુમૂર્તિરૂપ **શ્રીદક્ષિણામૂર્તિને** આ નમસ્કાર હો. ૫.

राहुग्रस्तादिवाकरेंदुसदृशो मायासमाच्छादनात्,
सन्मात्रः करणोपसंहरणतो योऽभूत्सुषुप्तः पुमान् ।
प्रागस्वाप्सामिति प्रबोधसमये यः प्रत्यभिज्ञायते,
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ६ ॥

અર્થ:—માયાવડે સમ્યગ્રીતે આચ્છાદિત થવાથી રાહુવડે ઘેરાયેલા સૂર્ય અને ચંદ્રની પેઠે સન્માત્રરૂપ જે પુરુષ કરણોના વિલયથી સુપ્રુપ્ત થયો હતો, અને જે જાગ્રતના સમયમાં "હું પૂર્વે સૂતો હતો" એમ પ્રત્યભિજ્ઞાનો વિષય કરાય છે, તે શ્રીગુરુમૂર્તિરૂપ **શ્રીદક્ષિણામૂર્તિનો** આ નમસ્કાર હો. ૬.

बाल्यादिष्वपि जाग्रदादिषु तथा सर्वास्ववस्थास्वपि,
व्यावृत्तास्वनुवर्तमानमहामित्यंतः स्फुरंतं सदा ।
स्वात्मानं प्रकटीकरोति भजतां यो भद्रया मुद्रया,
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ७ ॥

અર્થ:—બાલ્યાદિકવિષે તેમ જાગ્રદાદિક પરસ્પરભિન્ન સર્વ અવસ્થાવિષે અનુવર્તમાન, અને "હું છું" એમ અંતર સદા સ્ફુરવાવાળા સ્વાત્માને જે ભજન કરવાવાળાની મધ્યે **ભદ્રામુદ્રાવડે** પ્રકટ કરે છે, તે શ્રીગુરુમૂર્તિરૂપ **શ્રીદક્ષિણમૂર્તિને** આ નમસ્કાર હો. ૭.

विश्वं पश्यति कार्यकारणतया स्वस्वामिसंबंधतः,
शिष्याचार्यतया तथैव पितृपुत्राद्यात्मना भेदतः ।
स्वप्ने जाग्रति वा य एष पुरुषो मायापरिभ्रामितम्

तस्मै श्रीगुरुमूर्तये नम इद श्रीदक्षिणामूर्तये ॥ ८ ॥

અર્થઃ—જે આ પુરુષ માયાવડે ચારે ગમથી ભ્રાંતિને પામેલો સ્વપ્નવિષે અથવા જાગ્રતવિષે કાર્યકારણભાવવડે, સ્વસ્વામિસંબંધવડે, અને શિષ્યઆચાર્યવડે, તેમજ પિતાપુત્રઆદિ સ્વરૂપવડે ભેદથી વિશ્વને દેખે છે, તે શ્રીગુરુમૂર્તિરૂપ **શ્રીદક્ષિણામૂર્તિને** આ નમસ્કાર હો. ૮.

भूरंभांस्यनलोऽनिलोंबरमहर्नाथौ हिमांशुः पुमा-
नित्याभाति चराचरात्मकमिदं यस्यैव मूर्त्यष्टकम् ।
नान्यत् किंचन विद्यते विमृशतां यस्मात्परस्माद्विभो-
स्तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥ ९ ॥

અર્થઃ—પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્ર અને પુરુષ એમ આ ચરાચરસ્વરૂપ જેની મૂર્તિનું અષ્ટક જણાય છે, અને વિચાર કરવાવાળા પુરુષને જે વિભુરૂપ પરમાત્માથી ભિન્ન બીજું કાંઇ પણ વિદ્યમાન નથી, તે શ્રીગુરુમૂર્તિરૂપ શ્રીદક્ષિણામૂર્તિને આ નમસ્કાર હો. ૯.

सर्वात्मत्वमिति स्फुटीकृतमिदं यस्मादमुष्मिँस्तवे,
तेनास्य श्रवणात्तथार्थमननाद्ध्यानाच्च संकीर्तनात् ।
सर्वात्मत्वमहाविभूतिसहितं स्यादीश्वरत्वं स्वतः,
सिद्ध्येत्तत्पुनरष्टधा परिणतं चैश्वर्यमव्याहतम् ॥१०॥

અર્થઃ—જેથી આ સ્તોત્રમાં એમ આ સર્વાત્મભાવ સ્પષ્ટ કર્યો છે તે હેતુથી આના શ્રવણથી તથા અર્થના મનનથી અને ધ્યાનથી

તથા સંકીર્તનથી મહાવિભૂતિસહિત સર્વાત્મભાવરૂપ ઇશ્વરભાવ સ્વતઃ સિદ્ધ થાય છે. વળી તેનું આઠ પ્રકારથી પરિણામને પામેલ અભંગ ઐશ્વર્ય થાય છે. ૧૦.

ક્ષેપક શ્લોકો.

वटविटपिसमीपे भूमिभागे निषण्णं,
सकलमुनिजनानां ज्ञानदातारमारात् ।
त्रिभुवनगुरुमीशं दक्षिणामूर्तिदेवं,
जननमरणदुःखच्छेददक्ष नमामि ॥ ११ ॥

અર્થ:—વડના વૃક્ષની સમીપમાં ભૂમિના ભાગપર બેઠેલા, સર્વ મુનિજનોની સમીપ જ્ઞાન દેનારા, ત્રણ લોકના ગુરુ, ઇશ્વિર ને જન્મ-મરણનાં દુઃખોનો નાશ કરવામાં ચતુર **શ્રી દક્ષિણામૂર્તિદેવને** હું નમસ્કાર કરું છું. ૧૧.

चित्रं वटतरोर्मूले, वृद्धाः शिष्या गुरुर्युवा ।
गुरोस्तु मौनं व्याख्यानं, शिष्यास्तु च्छिन्नसंशयः ॥१२॥

અર્થ:—વડના ઝાડના મૂલમાં વૃદ્ધ શિષ્યો અને યુવાન ગુરુ છે; વળી ગુરુનું મૌન વ્યાખ્યાન છે, અને શિષ્યો સંશયરહિત છે, એ આશ્ચર્ય છે. ૧૨.

ॐ नमः प्रणवार्थाय, शुद्धज्ञानैकमूर्तये ।
निर्मलाय प्रशांताय, दक्षिणामूर्तये नमः ॥ १३ ॥

અર્થ:—શુદ્ધજ્ઞાનૈકમૂર્તિ પ્રણવાર્થને નમસ્કાર હો. નિર્મલ પ્રશાંત શ્રીદક્ષિણામૂર્તિને નમસ્કાર હો. ૧૩.

निधये सर्वविद्यानां, भिषजे भवरोगिणाम् ।
गुरवे सर्वलोकानां, दक्षिणामूर्तये नमः ॥ १४ ॥

અર્થઃ—સર્વ વિદ્યાઓના નિધિ, ભવરોગીઓના વૈદ ને સર્વ લોકોના ગુરુ શ્રીદક્ષિણામૂર્તિને નમસ્કાર હો. ૧૪.

मौनव्याख्याप्रकटितपरब्रह्मतत्त्वं युवानं,
वर्षिष्ठांतेवसदृषिगणैरावृत्तं ब्रह्मनिष्ठैः ।
आचार्येन्द्रं करकलितचिन्मुद्रमानंदरूपं,
स्वात्मारामं मुदितवदनं दक्षिणामूर्तिमीडे ॥१५॥

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यश्रीमच्छंकराचार्य-विरचितं श्रीदक्षिणामूर्तिस्तोत्रम् ॥ ॐ ॥

અર્થઃ—મૌનવ્યાખ્યા(ભદ્રામુદ્રા) વડે જેમણે શિષ્યના હૃદયમાં બ્રહ્મતત્ત્વને પ્રકટ કર્યું છે એવા, યુવાવસ્થાને ધારણ કરનારા, સમીપમાં વસતા અતિવૃદ્ધ બ્રહ્મનિષ્ઠ ઋષિઓવડે ઘેરાયલા, હાથવડે કરેલી ભદ્રા-મુદ્રાને ધારણ કરનારા, આનંદરૂપ, સ્વાત્મારામ, પ્રસન્નવદનવાળા અને આચાર્યોમાં ઇંદ્રરૂપ એવા શ્રીદક્ષિણામૂર્તિની હું સ્તુતિ કરું છું. ૧૫.

॥ समाप्तोऽयं ग्रन्थः ॥

શ્રીદક્ષિણામૂર્તિનું વર્ણન.

શ્રીદક્ષિણામૂર્તિ એ મહેશ્વરનું એક નામ છે શુદ્ધસત્ત્વગુણ જેમાં પ્રધાન છે એવી પ્રકૃતિને માયા કહેવામાં આવે છે, ને તે માયાના નિયામક વેદમાં મહેશ્વર એવા નામથી પ્રસિદ્ધ છે. શ્રીદક્ષિણામૂર્તિએ સનકાદિકને ભદ્રામુદ્રાવડે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કર્યાનું સંપ્રદાયવેત્તાઓ આ પ્રમાણે નિરૂપણ કરે છેઃ—

સનકાદિક ચારે બંધુઓને કોઇ વેળા તત્ત્વજ્ઞાન સંપાદન કરવાની પ્રબળ જિજ્ઞાસા પ્રકટી, તેથી તેઓ સમિત્પાણિ થઇ ભગવાન્ બ્રહ્માને શરણે ગયા. ત્યાં તેમની રાજસી પ્રવૃત્તિ જોઇને તેઓની તેમનામાં શ્રદ્ધા ચોંટી નહિ, એટલે તત્ત્વજ્ઞાનસંબંધી કાંઇ પણ પૃચ્છા તેમને તેમણે ન કરી. પછી તેઓ ભગવાન્ વિષ્ણુની પાસે ગયા. ભગવાન્ વિષ્ણુને શ્રીલક્ષ્મીસાથે વિનોદમાં પ્રવૃત્ત જોઇ તેમની તેમને વિષે પણ શ્રદ્ધા ન ઉપજી, તેથી તેમને પણ તત્ત્વજ્ઞાનસંબંધી કાંઇ પણ પ્રશ્ન ન કરતાં કૈલાસમાં ભગવાન્ રુદ્રની પાસે તેઓ ગયા. ભગવાન્ રુદ્રને પોતાના ગણોની સાથે યથેષ્ટ વિહાર કરતા જોઇ તેમનામાં પણ તેઓની શ્રદ્ધા બેઠી નહિ. પછી તેઓ ઉદાસ થઇ તત્ત્વજ્ઞાન માટે અંતર્યામીની પ્રાર્થના કરતા કરતા કૈલાસપર્વતઉપર વિચરવા લાગ્યા. તેમની શુદ્ધભાવની પ્રાર્થનાથી પ્રસન્ન થયેલા શ્રીઅંતર્યામિરૂપ મહેશ્વર તેમને તત્ત્વોપદેશ આપવા ભદ્રવટની નીચે ભદ્રામુદ્રાસહિત શ્રીદક્ષિણામૂર્તિરૂપે* પ્રાદુર્ભાવ પામ્યા. તેમની કિશોરઅવસ્થાવાળી અત્યંત સૌમ્ય મૂર્તિ જોઇને ચારે ભાઇઓને તેમનામાં અત્યંત શ્રદ્ધા ઉપજી. પછી તેમણે કરેલી ભદ્રામુદ્રા જોઇને તેઓ અમારા પ્રતિ આ પ્રમાણે ઉપદેશ કરે છે એમ વિચાર કરતાં તેમને જણાયું:—

---

* તત્વોપદેશરૂપ દક્ષિણા આપવાને શ્રીમહેશ્વરે જે લીલાવિગ્રહરૂપ મૂર્તિ-આકૃતિ–ધારણ કરી તે દક્ષિણામૂર્તિ.

ત્રણ ગુણથી પૃથક્ થયેલો જીવ બ્રહ્મરૂપ છે, અને તે અનાદિઅનંત છે. જીવના હૃદયમાં જે અવિદ્યારૂપી કાંટો છે, કાઢવા માટે આ ચીપીઓ સર્વોત્તમ છે.

એ પ્રમાણે મનવડે નિશ્ચય થતાં તેમના ચિત્તની બ્રહ્મમાં : ગ્રતા થઇ. એવી રીતે ભદ્રામુદ્રારૂપ* મૌનવ્યાખ્યાનવડે સદ્ગુ શ્રીદક્ષિણામૂર્તિએ સનકાદિકને ઉપદેશ કર્યો છે.

શ્રીઉપનિષદો.

બીજી આવૃત્તિ.

માંડૂક્યની કારિકાસહિત ઇશાદિ બાર ઉપનિષદો મૂલ તથા ગુજરાતી ટીકા અને એકસો ને ૭ ઉપનિષદોનો સાર બીજી વાર છપાય છે. સોનેરી અક્ષરના નામયુક્ત પાકા પુંઠાવાળાનું મૂલ્ય રૂ. ૫–૦–૦ લેવામાં આવશે. ગ્રાહકોએ **વ્યવસ્થાપક, આનન્દાશ્રમ, બીલખા.** કાઠીઆવાડ, એ શિરોનામપર લખી પ્રકટ થયે તે પુસ્તક મંગાવવું.

શ્રીવ્યાસભગવત્પ્રણીત શ્રીવેદાંતદર્શન.

મહારાજ શ્રીનથુરામશર્માપ્રણીત શ્રીતાત્પર્યદીપિકાનામક ગુજ-રાતીભાષાની ટીકાસહિત મુદ્રાંકિત થયું છે.

આ ગ્રંથમાં મૂલસૂત્રો, સૂત્રોનો અન્વય તથા અન્વયાર્થ અને ગુજરાતીટીકા ઇત્યાદિ આપવામાં આવ્યાં છે. પાકા પુંઠાવાળાનું મૂલ્ય રૂ. ૩–૮–૦ અને કાચા પુંઠાવાળાનું મૂલ્ય રૂ. ૩–૦–૦ પોસ્ટેજ જુદું ગ્રાહકોએ ઉપરના શિરોનામપર લખવું.

---

* ત્રણ આંગળીઓને ભિન્ન રાખી, તર્જની તથા અંગૂઠાને ગોળાકારમાં એકત્ર કરવાં તે ભદ્રામુદ્રા કહેવાય છે. કનિષ્ઠિકા તે તમોગુણને સ્થાને, અનામિકા તે રજોગુણને સ્થાને, ને મધ્યમા તે સત્ત્વગુણને સ્થાને છે. તર્જની તે જીવને સ્થાને છે, ને અંગૂઠો તે બ્રહ્મને સ્થાને છે.